ચાબુક પ્રેસમાંથી

વેચાતું મળશે.

THE

ZOROASTRIAN CALENDAR

FOR THE YEAR OF YEZDIJIRD 1240.

ઝોરાસટરીઅન કાલેન્ડર

યાને

જરતોસતી પંચાંગ

યઝદેજરદી ૧૨૪૦ ના વરસનું.

(તારીખ ૨૨ મી સપટેંમબર ૧૮૭૦ થી તે તારીખ ૨૧ મી સપટેંમબર ૧૮૭૧ સુધીનું.)

નવું શાલ મુબારક.

નવું શાલ મુબારક.

પરવરતાવનાર, બરજોરજી નશરવાંનજી કુતાર.

મુંબઈ મધે,

ધોબીતલાવપર નંબર ૯૦૬ વાળાં ઘેરમાં,

ચાબુક પ્રેસમાં રતનજી શોરાબજી પ્રીનટરે છાપી પ્રગટ કર્યુંછે.

ઇસવી સને ૧૮૭૦.

કિંમત રૂ ૦ા

સાકલાણ

દીબાચો.

જરતોશતીઓને લગતાં આ એક ન્હાનાં કાલેનડરની શરૂઆત કરતાં અમારે ટુંકમાં જણાંવવું જોઈએચ કે કાલેનડર અથવા પંચાંગ પરવરતાવવાનાં અગણીત ફાયદા છે, અને તે આગલ જાતાં ઘણા ઉપયોગી થાઈ પડવાની આશા રેહેછે, જેમાંથી ચાલતા વખતનો આબેહુબ ચીતાર દીશી શકેચ. વલી હાલના વખતનાં પંચાંગો તે ગોયા આવતા વખતને માટે તઈઆર કરી રાખેલાં જોઈતાં શાંધણોછે, અને તેમાંની ચાલુ નોંધ જલવાઈ રેહેવાથી તેવાં શાંધણો ખરેખરાં ઉપીઓગી થાઈ પડેછે. વલી એ એક ફાયદા શાથે, આવાં પંચાંગોથી બીજો ફાયદો એ થાયછે કે તે દરેક વરસે, આખાં વરશ તુલીક હરેક તાજા બનાવો, તેહેવારો, તારીખ, વાર વીગરેની બાબદો જોવાને તુરત વેલાએ કાંમ લાગેછે, અને તેનાંથી ઘણી વાતમાં મદદ મલેછે, તથા મતલબ શચવાય છે. વીચાર કરતાં માલંમ પડેચ કે ભિલસેલ કરતાં દર એક જુદી કોંમને લગતું જુદુજ પંચાંગ હોય તેમ તે પોત પોતાની કોંમ વાલાઓને વધારે જરૂરનુ થાઈ પડેછે, અને તેવી હેલાયદી કોંમને તે પોતાને લગતું કાલેનડર પ્રગટ થાવાથી ઘણું ઉપીયોગી થાઈ લાગેછે, તેમજ તેવા મધે તેવી જુદી જુદી કોંમોને લગતી બાબદો કુસાદગીથી દાખેલ કરવાને બની આવેછે. આજ થોડુંક થયું અંગરેજી અને ગુજરાતી પારશી કાલેનડરો અતરે પ્રગટ થાવા લાગાંછે ખરાં, પણ તેથી જુદીજ ઢપ અને જુદીજ કોસેશથી હમોએ આ કાલેનડર પરગટ કરવાનુ શહરૂ કરયું છે. આ પેહેલી શરૂઆતમાં એ કાલેનડર જો કે ઘણાં નાંહાંનાં કદનું તેમ સસતી કીમતનુ બનાવેઉછે, તોપણ બનતી રીતે તેમાં જરથોશતીઓને જાંણવા લાયક અને ઉપીઓગી બાબદોનો શમાવશ કરવાને યતન કરેઓછે, તે તપાસી જોવાથી વાંચનારા દાંનેશમ દોને તેની પીછાંણ થાશે. એમાં બારે માશનાં પારશીઓનાં રોજ માહા, બીજી વરણોની તારીખ વાર, તેની શાથ તમાંમ તેહેવારો, જાતરા, જાણવાજોગ બનેલા બનાવો, ધરમનાં મકાંનોનાં શાલોની ગણતરી, ઈતીઆદી બાબદો શમાવીછે—ને પછેનાં શફ્ફાઓમાં જરથોશતીઓને જાંણવાજોગ વીગતો, નોંધો, નાંમો, જરથોશતીઓનાં ધરમનાં અને બીજાં જાહેર ખાતાંઓ, ઓધાઓ, ધંધા વીગરેનુ વરણન જણાવેલું છે.

હેની શાથે, આ પંચાંગ પરવરતાવવામાં બીજી મકશદ એ શાચવવામાં આવી છે કે જરથોશતીઓનાં પુરાં થતાં દરેક આખાં વરસોમાં એ પારશી કોંમને લગતા જે કાંઈ બનાવો અને બાબદો બની હોય તે શંબંધાની વીશતારેલી વીગતની નોંધ, અથવા યાદી, હમારાં દરેક વરશનાં નીકલતાં કાલેનડરમાં આપતા જાવું, કે જેથી તેવી જરથોશતીઓ શંબંધીની નોંધાઈ રહેલી નોંધ એ કોંમને જોઈતી વેલાએ કાંમમાં આવી શકે. એ રીતે બનતી કોશેશ અને મેહેનતથી આ ન્હાંનુ કાલેનડર શીણગારવામાં આ

વઉંછે, તોપણ તેમાં પેહેલીવારની કોસેશને લીધે જો કાંઈખી ખાંમી, ભુલચુક કે કોઈ અધુરી વીગત રહી ગઈ હોયતો તે વીસે દરગુજર કરવી જોઈએછે, કેમકે આ તેની બચ્ચ ગીની હાલતછે, અને હંમેસાં એવી પેહેલી કોસેસ ભુલ ચુકથી ખાલી હોતી નથી. વલી નમનતાઈ શાથ શરવેને અરજ ગુજારવામાં આવેછે કે આ કાલેનડરમાં રેહેલી કંઈખી ખરેખરી ખાંમી અને વીગતની કસુરને માટે જો લખી જણાંવવામાં આવશેતો મોટા ઉપકાર શહીત ખાંમી સુધારી તે દરૂશત સુચનાં બાહાલ રાખવામાં આવશે.

જો આ પેહેલીવારની હમારી કોસેશ શહમજુ શજનોને પશંદ પડી, અને તેને પરજાથી જોઈતો આશરો મલ્યોતો એનાં કદમાં વધારો, અને અગતનો સુધારો કરી નવાજ ફેરફારથી હવે પછે પાછું આ કાલેનડર ચાલુ રાખવામાં આવશે.

સેવટે આ નાંહાંનુ તથા નવું પંચાંગ બનાવામાં જે જે શાહેબોથી હમોને મદદ મલીછે તેમનો, તથા આ નવાં કાલેનડરને માટે આગલથી જાહેર ખબરો વીગરેનો આશરો આપનારાવોનો મોટો ઉપકાર માંની, આશા રાખીએછે કે હવે પછે પણ તેજ રીતની મદદ તેહેવા કદરદાંન શાહેબોથી મલતી રેહેસે.

બ૦ ન૦ કુતાર.

યઝદેજરદી સને ૧૨૩૯ નાં (ગયાં) વરશનો ઈનતેખાબ,

અથવા

પારસીઓને જાંણવાજોગ બનાવોની નોંધ.

—o—

સને ૧૨૩૯ નાં ગુજશતે શાલમાં બનેલા બનાવોની યાદી, અથવા નોંધ જરથોશતીઓનાં ઊપીઆગને માટે અતરે શરાશરી જણાંવી જાઈએછે:—

શખાવત—જરથોશતીઓ શખાવતના બાબમાં હંમેસ હાતમ દેલનાં ગણાંયછે; તેવોનો દીલગુરદો શખી, ને હાથ છુટો હોવાથી દર વરશે નવી નવી શખાવતો તેવો કરેઆ જાયછે. હેવી શખાવતોમાંની ઘણીક શખાવતો છુપી અને જાંણમાં નહી આવે એવી થાયછે; પણ જે જાહેર શખાવતો તથા ધરમખાતે આપવામાં આવેલી રકમો એ સાલમાં છપાઇ જાહેર થાઇછે તેની ટીપ અતરે જણાંવીએચ:—

શખાવતની વીગત—	રૂપીઆ*
હાંનરેબલ શેઠ બેરાંમજી જીજીભાઈએ પાંચશો રૂપીઆની એક રકમ ચાર ટકાની લોનનુ વેઆજ વાપરવાનો શરતે ઈલાવનાં ધહમખારનાં ફંડમાં ભરીછે	૫૦૦
ઈલાવનાં ધહમખારનાં ફનડમાં શેઠ દીનશાજી માંણેકજી પીટીટે	૨૫૦
જોરાશટરીઅન ક્રીકેટ ટોલી વાલાઓએ પોતાને મલેલાં ઈનાંમમાંથી કશરતશાલાનાં ફનડમાં..	૨૫
એજ ટોલીએ ઈરાંનમાં કોલેરાનાં રોગથી લાચારીમાં આવેલા જરથોશતીઓને મદદ કરવાનાં ફનડમાં	૨૦
એજ ટોલીનાં પોતાનાં ફનડમાં......	૩૦
એજ ટોલીએ કોટની પુલીશનાં પુઅર બાક્ષમાં	૫
શેઠ ફરાંમજી ફેદલજી ખીશનીનાં ઊઠમણાંમાં તેવણનાં પોતાનાં ફનડમાંથી જુદાં જુદાં ધરમ ખાતાંઓમો આપવામાં આવેઆ	૮૦૦
ડાકટર ખરશેદજી ફ્રાંમજી બોરીએ કશરતશાલાનાં ફનડમાં...............	૧૦
શેઠ નવરોજજી માંણેકજી પરબેજે કશરતશાલાનાં ફનડમાં......	૧૦
શેઠ પેશતનજી મનચેરજી ચીનગરે કશરતશાલાનાં ફનડમાં	૨૫
શેઠ હોરમજજી ફરચજી મશાંણીએ કશરતશાલાનાં ફનડમાં	૫
શેઠ માંણેકજી બમનજી ગોવાએ કશરતશાલાનાં ફનડમાં...	૧૫
મરહુમ શેઠ મનચેરજી પેશતનજી ચીચગરનાં ફંડમાંથી, કશરતશાલાનાં ફં૦	૫૦
પુણા ખાતેનાં શેઠ દોરાબજી પેશતનજીએ મઊની છાવણીમાં એક દવાખાંનુ બાંધવા માટે	૧૦૦૦૦

લેડી આવાંબાઈનાં પુન કાજે ભરૂચમાં જુદા જુદા શેઠોએ ધરમખાતે કાહાડેઆ ... ૩૧૫

શેઠ કાવસજી પેરાંમજી ભોળાંભા વાળાની ધણીઆણીનાં પુન કાજે તેવણનાં પેઆવંદોએ જુદાં જુદાં ધરમ ખાતાંમાં આપેઆ.......................... ૪૩૭

શેઠ કાવસજી જેહાંગીર રેડીમણીએ બાલકોને સહીઆડ મેલવાનાં શોધની ફંડ સરસ ઢબી તપાસ કરવાનાં ખરચ માટે નાંમદાર સરકારપર મોકલેઆ ... ૫૪૦

સીથાળી જરથોસતી મદરેસાનાં ફનડમાં મરનાર ફરાંમજી કોપરની યાદગારી માટે શેઠકાવસજીજેહાંગીરે આપેઆ.................................. ૫૦૦

ગનદેવીનાં ધરમનાં દવાખાંનાંમાં ચીનના જરથોસતીઓએ ફંડનદર રૂપીઆ ૮૮૭—૫—૩ પઈ ભરેઆ તે... ... ... ૮૮૩

સુરત વાળા કેખુસરો હોરમજી આભપાઈ વાળાએ પોતાની ધણીઆણીનાં પુન કાજે સુરતનાં આંધળાં પાંગળાંઓને દરવરસે જમણ કરવા માટે આપા ... ૧૬૨૫

ઓરીએનટલ બેંકનાં મેનીજર મી૦ માઈરે મુંબઈ બેંકે પરેમચંદને આપેલી મોટી લોનનો પોતાનો ભાગ આપવા નાંપાડી અને તેમાં તે ફતેહમંદ કડેઓ તેટલા માટે મી૦માઈરનાં નાંમની યાદગારી માટે પોલીસનાં પુઅર બાકસમાં શેઠ કાવસજી જેહાંગીરે આપા... .... ૫૦

સેંટ ઝેવીઅર કાલેજની ઈમારતનાં ફનડમાં જુદા જુદા પારસીઓએ મલી ભરેઆ—તેમાં અરદેશર હોરમજી વાહાડીઆએ ૧૦૦૦, કાવસજી માંણેક એ ૨૦૦, ફરાંમજી નસરવાંનજીએ ૧૦૦, ફીરોઝ સાપુરજીએ ૧૦૦, અને હોરમજી ખમનજીએ ૧૦૦, મલી જુમલે.......................... ૧૫૦૦

હોરમજી બરજોરજી કપતાંને ગનદેવીનાં દોખમાં નજીક નવો રસતો અનજુમનની સલાહ મુજબ બાંધવા માટે........................ ૫૦૦૦

એ રસતાની બાજુ મરાંમત માટે એજ શેઠે બીજા આપેઆ... .... ૧૫૦૦

સર જમશેદજી જીજીભાઈ બારોનેટનો બેટી બાઈ જરબાઈનાં પુન કાજે તેવણનાં પેઆવંદોએ જુદાં જુદાં ફનડમાં........................ ૨૭૦૦

અમદનગરમાં નાગાબાઈ ફકુવીકેરનુ પાંણી લાવવાનાં કાંમમાં શેઠ દીનસાજી માંણેકજી પીટીટે ૧૦૫૫૭—૫—૪ પઈ આપોછે ૧૦૫૫૭

શેઠ પેસતનજી હોરમજી કાલેટનાંની માએ બાઈ વીરબાઈજીનાં પુનને માટે તેવણનાં પેઆવંદોએ જુદાં જુદાં ફનડમાં.... .... ૫૮૫

શેઠ કાવસજી જેહાંગીર રેડીમની સી૦ એસ૦ આઈ૦ એ કાંદાવાળા મોલાનાં રીડીંગ રૂમનાં ફનડમાં ચાર ટકાની લોન......... .. .... ૫૦૦

બરજોરજી રેમુલજી સરાફનાં પુનને માટે તેવણનાં પેઆવંદોએ ધરમખાતે.. ૩૦૫

શેઠ ફરાંમજી નસરવાનજી પટેલે ગનદેવીનાં ધરમનાં દવાખાંનાંનાં ફનડમાં ૫૦૦

સુરાવલમાં એક દખમાં જેવું એલાહેદું મકાંન બાંધવા માટે જુદા જુદા જરથોસતીઓએ આપા ૧૦૦૦

બાહારકોટ ઇમપરૂવમેનટ લાઇબરેરીમાં શેઠ કાવસજી જેહાંગીર, તેમજ બીજા પારસીઓએ મલી.................................. ૫૨૨

શેઠ દાદાભાઈ માંણેકજી વાછાનાં પુનને માટે તેવણનાં બેરાદરોએ જુદાં જુદાં ફનડમાં આપા ૧૦૧૦૦૦

દાદાભાઇ કાવશજી પટેલની યાદગારી માટે નવશારીની કાવશજી જેહાંગીર જરથોશતી મદરેશાનાં બાલકોને કેલવણી આપવા શારૂ શેઠ કાવશજી જહાંગીરજી રેડીમણી શી૦ ઈશ૦ આઈ૦ ઈ.............. ૫૦૦

શેઠ કાવશજી જહાંગીરજી રેડીમણી શી૦ ઈશ૦ આઈ૦ ઈ રીનંક પારકમાં ફુંવારો બંધાવાને ૧૨૫૦૦

ઈન શેઠે ઈંગલંડનાં જુદાં જુદાં ધરમ ખાતાંમાં ૬૦૦

અમદાવાદ વાલા શેઠ મનચેરજી શોરાબજી શેઠનાં પુનને શારૂ ૪૦૦

આ૦ શેઠ ડોશાભાઈ શોરાબજી મુનશીનાં પુનને કાજે તેવણનાં પોતાનાં ફનડ માંથી, તેમજ તેવણનાં બેરાદરોઈ મલી જુદાં જુદાં ફંડોમાં આપા.. ૭૫૪

મરનાર શેઠ ડોશાભાઈ શોરાબજી મુનશીની યાદગારી કાયમ રાખવા શારૂં ઈશકાલરશીપ કાઢવા માટે કેટલાક આગેવાંન શેઠીઆવોઈ ઈક લીશટ ઊભુ કીધું તેમાં ભુરતવેલા ભરાયા.............................. ૧૦૦૭

શખાવતથી ઊઘડેલાં નવાં ધરમનાં મકાંનો—જરથોશતીઓનાં મુંબઈ અને બાહાર ગાંમોમાં ધરમનાં તથા બીજાં જે જાહેર મકાંનો નવાં બંધાયાંછે તે હેઠલ મુજબ છે:—

આંકોલામાં ખાંન બાહાદુર દસતુર નોશરવાંનજી જામાસપજી જામાસપ આસાનાં માતાજીનાં પુંનને કાજે એક દરેમેહેર બંધાઈ તેની ક્રીઆ રોજ ૨૪ મો, માહા ૨ જાએ, એટલે ઇંગરેજી તારીખ ૧૪ મી નવેમબર ૧૮૬૯ ને દીને થાઈ હતી.

એલાવ ખાતે શેઠ જમશેદજી બરજોરજી મીશતરીએ એક નવું આતશ આદરાંન બાંધેઉં—તેને પરકવાની ક્રીઆ રોજ ૭ મો માહા ૪ થો, એટલે તારીખ ૨૭ મી ડીસેમબર ૧૮૬૯ ને દીને થાઈ હતી. આ ક્રીઆમાં શાંમેલ થાવાને મુંબઈ, તથા બીજાં દેશાવરોનાં જરથોશતીઓનો મોટો ભાગ એ જગોએ આવેઓ હતો—તેમાં મુંબઈ વાલા નાંમીચા જરથોશતી અકાબરો, હાંનરેબલ સેઠ બેરાંમજી જીજીભાઈ, શેઠ મેરવાંનજી ફરાંમજી પાંડે અને શેઠ દીનશાજી માણેકજી પીટી તથા બીજા શેઠીઆઓ શીધારીઆ હતા—તેની શાથ મુંબઈવાલા જરથોશતીઓનાં વડા દસતુરજી શાહેબ જામાસપજી મીનોચેરજી એ દરેમેહેરની ક્રીઆ કરવા ગયા હતા.

એજ ગાંમમાં શેઠ અરદેશર હોરમજી વાહાડીઆજીનાં ખરચથી એક ધરમનું દવાખાંનું ઉઘડેઉ છે; તથા હાંનરેબલ શેઠ બેરાંમજી જીજીભાઈને નાંમની એક જરથોશતી બાલકોની ઈશકુલ ચાલેછે.

ઉદવારા ખાતે શેઠ રૂશતમજી જમશેદજી જીજીભાઈના ખરચથી જરથોશતીઓનાં ઉતારાને શારૂ એક ધરમસાળા રોજ ૧૭ મો ને માહા ૫ માંને દીને બંધાઈ તઈઆર થાઈ છે.

• અમદાવાદમાં હાંનરેબલ શેઠ બેરામજી જીજીભાઈનાં ધણીઆંણી મરહુંમ બાઈ માંણેકબાઈનાં પુંનને કાજે "માંણેકબાઈ ડીશપેનશરી" નામનાં દવાખાંનાંનો પાયો નખાવવાની ક્રીઆ એ શાલમાં થાઈ હતી.

મજગાંમમાં શેઠ બેરાંમજી નશરવાંનજી શીરવાઈએ પોતાનાં મકાંનમાં એક અગીઆરી બનાવીછે તેની ક્રીઆ રોજ ૧૫ મો માહા ૫ માંને દીને થાઈ હતી.

શ્રી ગનદેવી મધે અનજુમનનાં ઉશ્કેરાટથી એક નવું દોખમું ઈજાયું—તેની ક્રીઆ રોજ ૨૦ મો માહા ૭ માંને દીને થાઈ હતી.

શર જમશેદજી જીજીભાઈ પારશી બેનીવોલેનટ વાલી ઈશકુલને માટે મકાંન બાંધવાનો પાયો નખાયોછે.

પુણાં મધે જરથોશતીઓનાં ઉતારા કાજે શેઠ હોરમજજી સોરાબજી તાડીવાલાનાં ખરચથી રેલવેનાં પુલ નજદીક એક બંધાએલી ધરમસાળા ખુલવાની ક્રીઆ બાઈ તા૦ ૧૦ મી અકટોબર ૧૮૬૯ ને રવીવારે થાઈ હતી.

મુંબાઈનાં બાહેરકોટમાં ૧, તથા કાંદાવાલા મોલામાં ૧, અને એડેન ખાતે ૧, મલી તરણ પારશી લાઈબરેરીઓ, યાને વાંચનશાળા ગએ સાલ વધીછે.

જરતોશતીઓને મલેલી પદવી, ઓધા તથા અધીકાર.

નાંમદાર શર જમશેદજી જીજીભાઈ (બીજા) બારોનેટ મુંબઈની લેજીશલેટીવ કાંઉનશીલ યાને શરકારી ધારા બાંધનારી શભાનાં એક મેમબર દાખલ નવા ઉમેરાયાછે. [આ નાંમવર શેઠની નેમણુક આ શાલમાં, ઈઅજદેજરદી વરશની આખેરીએ થાવાથી, આ કાલેનડરના પારશી શરકારી અમલદારોની ટીપવાલા શફા આગલથી છપાઈ ચુકેલા હોવાને શબબે તે જગોએ એવાનું નાંમ નોંધાયું નથી.]

હાંનરેબલ શેઠ બેહરાંમજી જીજીભાઈને એજ કાંઉનશીલનાં મેમબર તરીકેની પેહલી મુદત પુરી થાયાથી એ શાલમાં ફરીને ચુંટી કાહાડીઆછે. કાઉનશીળમાં બે પારશી મેમબરો થાવાનો આ બનાવ પેહેલ વેહેલોજ છે.

દશતુરજી શાહેબ હોશંગજી જામાશપજી જામાશપ આશાના બામબે જીઓગરાફીકલ શોશાએટીની મંડલીમાં એક શભાશદ ઠરેઆછે.

શેઠ ખુરશેદજી નોશરવાંનજી કાંમાંજી અને શેઠ શોરાબજી શાપુરજી બંગાલી યુનીવરશીટીનાં નવા ફેલોજ ઠરેઆછે.

શેઠ હોરમજી અરદેશર શંતોક તથા શેઠ બેરાંમજી દાદાભાઈ ડેપીઉટી રેજીશટરાર, રાએલ એશીઆટીક શભાનાં મેમબર ઠરેઆછે.

સેઠ માંણેકજી રૂશતમજી બનાજી ઈરાંનનાં શાહાનાં કલકતા ખાતેનાં એલચી અથવા કાંનશલ ઠરેઆછે.

શેઠો પીરોજશા મેરવાંનજી મેહતા (બારીશટર) તથા બેરાંમજી દાદાભાઈ રેજીસટરારને એ શાલમાં આપણી શરકારે નવા જશટીશ આફ ધી પીશ અથવા સુલેહનાં અમલદારો તરીકે ચુંટી કાહાડેઆછે.

ખાંન શાહેબ ખરશેદજી રૂશતમજી થાણેવાલાને કલીઆંણીનાં શબારડીનેટ જડજની જગો મલીછે.

મી૰ કુવરજી કાએઆજીને કાઠીઆવાડ પોલીટીકલ રેશીડેનશી ખાતાંની કોરટોમાં ટરાંનશલેટર યાને તરજુમો કરનારની જગો ઉપર નેમવામાં આવેઆછે.

મી૰ મનચેરજી બમનજીને હાઈ કોરટનાં ગુજરાતી, મરાઠી ઈનટરપરીટર અને ટરાંનશલેટરની, તેમજ મી૰ જમશેદજી રૂશતમજીને આશીશટંટ ઈનટરપરીટર અને ટરાંનલેશટરની જગો ઉપર નાંમદાર જડજોએ નેમણુક કરીછે.

મી૰ ખરશેદજી બાપુજી વીકાજી નાનદોરનાં શરકારી તાલુકદાર ઠરેઆછે.

મી૰ ફરાંમજી ભીખાજી દલાલ નાંમનો એક જવાંન શખશ એ શાલ મુંબઈની પોલીશમાં પેહલ વેહલો પારશી કાંનશટેબલ નેમાએઆછે.

મી૰ ભીમજી નવરોજી બનાજી તથા મી૰ ખરશેદજી માંણેકજી સગરૂ વેલાતથી બારીશટરની પરીક્ષામાં પશાર થાઈ મુંબઈમાં આવેઆછે.

મી૰ ગાંધીભાઈ જેહાંગીરજી, અને મી૰ શાપુરજી હોરમજી પાટક હાઈ કોરટનાં વકીલ થાએઆછે.

મી૰ શાવકશા શોરાબજી દાવર અને મી૰ શોરાબજી બેજનજી હાઈ કોરટના પલીડરોની પરીક્ષામાં પશાર થયા તથા તેઓને પોલીસ અને સમાલકાજ કોરટમ પલીડ કરવાની શનદ મલીછે.

મી૰ બરજોરજી બમનજીએ યુનીવરશીટીની એમ૰એ૰ ની પરીક્ષા પશાર કરીછે

મી૰ પેશતનજી દોરાબજી ખંડાલેવાલાએ યુનીવરશીટીની શીવીલ ઈનજીનીઅરીંગની પરીક્ષા પશાર કરીછે.

મી૰ ફરાંમજી મનચેરજી દશતુર જામાશપ આસાનાએ ઈઉનીવરશીટીની એફ૰ ઈ૰ એ૰ ની પરીક્ષા પશાર કરીછે.

ભાષાંણો—ગયાં શાલમાં જરથોશતીઓઈ કરેલાં ભાશાંણો, વાઆજો વીગરેની વીગત નીચે પરમાંણે છે:—

દશતુરજી જામાશપજી મીનોચેરજીએ બેલાવ ખાતે અને શુરત મધે જરથોશતી ધરમ ને લગતી તથા બીજી પરચુટણ બાબદો તેમાં, જરતુશતીઓમાં મુવાં પછવાડે રડવા કુટવા અથવા શોગ રાખવાની મનાઈ અને તેથી થાતો ગુનાહ—તથા ગુજરનારની પછવાડે વરશ દાહાડો મુધી શું શું કીરીઆ કરવી જોઈએ તે વીશે, તથા જરતુશતી ધરમ એ શું છે, તથા તેને પાલવાની અગત કેટલીછે તે વીસે—જુદી વાઆજો! કરી શંભલાવી હતી.

મી૰ જેહાંગીર બરજોરજી વાછાએ શુરીઅ અને તેને લગતી નવી સોધો વીસે ૪ ભાશાંણો કરયાં હતાં.

મી૰ કેખુશરો નવરોજી કાબરાજીએ ઈશટ ઈનડયા આસોશીએશન નાંમની સભાના સંબંધમાં "હીંદુસ્તાનનું મેહેસુલ અને ઈનકમ ટેકસ" ને લગતાં ભાષાંણ જુદા જુદા ભાગે કીધાં હતાં.

મી૰ જેહાંગીર મેહેરવાંનજી પલીડરે સંસાર સંબંધી ભાષાંણ કીધાં હતાં.

મી૦ દાદાભાઈ બેહરામજી ચોખશીએ "સુએજની નેહેર" સંબંધી ભાશણો કરેઆં.

મી૦ શાપુરજી હોશંગજી ડોતીવાલાએ જમશેદી નોરોજ વીશે પોતાની તરફનો ખુલાસો કરવાનાં ભાશણો કીધાં હતાં.

મી૦ ફીરોજશા મેરવાનજીએ ઈશટ ઈનડીઆ આસોશીએશનનાં શંબંધમાં કેટલાંક ભાશણ કીધાં હતાં.

પારશીઓ તરફથી બાહેર પડેલાં પુસતકો—ઈ શાલમાં પારશીઓ તરફથી શું શું ચોપડી, ચોપાંનીઆં વીગરે બાહેર પડયાંછે, તે કોણથી લખાયંચ, તેનાં નાંમ, તેની કીંમત, તે કાંહાં છપાયાંચ તેની વીગત નીચલા કોઠાપરથી માલમ પડશે:—

ચોપડીઓનાં નાંમ.	બનાવનારોનાં નાંમ.	છાપાખાંનાં૦	કીમત.
અવશતા બા માઈની તથા જીરાદત અને હોરમજદ બાઈનો, ઈવે નાંમનુ બે વાલમનું પુશતક	દાદાભાઈ કાવશજી	અ. શોદાગર...	રૂ૫)
ઇગલંડની તવારીખ........	ઈક શાક્ષક....	પરોનટરશ પરેશ	રૂ૧)
ઇરાંન તથા તુરાંનદેશની વારતા ભાગ ૧ લો...	જીજીભાઇ ખરશેદજી કાપડયા તથા હોરમજી દોરાબજી ચીનઇ	ઇમપીરીઅલ..	રૂ૩)
ઇરાંન તથા તુરાંન દેશની વારતા ભાગ ૨ જો...........	,, ,,	,,	રૂ૨)
કબીર હાવીઅ...	રૂશતમજી ગુશતાદજી ઇરાંની	,,	રૂ૦॥
કેતાબે દીને અવીજેહ...	ઈરવદ બચાભાઈ ફરાંમજી.	પારશી પરીંટીંગ	રૂ૨॥
ખોરદેહ અવશતા બા માઈની ...	બેરાંમજી પેશતનજી ઊનવાલા	બબ પરીનટીંગ.	રૂ૪)
ખાવાબ જોવાનો તાશીર... ...	ઈક પારશી...... .. .	જામે જમશેદ .	રૂ૦॥
ગાયન દીપક—ભાગ ૩ જો ...	માંણેકજી દાદાભાઈ......	ચાબુક પરેશ ...	રૂ૦॥
ગાયન શંગરહ...	વીકટોરીઆ નાટક મંડલ	દફતર આશકારા	રૂ૦।
ગોપીચંદ આખી આંન.........	રૂશતમજી ગુશતાદજી	ઇમપીરીઅલ...	રૂ૦।
ઘર શંશારનો હીશાબ રાખવાની ચોપડી..................	ખરશેદજી કાવશજી મરજબાંન	બોમબે ગેઝેટ.	રૂ૧॥
જમશેદ અને જીવાક...	ધનજીભાઇ રૂશતમજી	પારશી પરીનટીંગ	રૂ૧)
જરથોશતનાં જનમારાનો હેવાલ	ખરશેદજી રૂશતમજી કાંમા..	દફતર આશકારા	રૂ૨)
જેહે શેકન......................	દશતુર જામાશપજીમીનોચેરજી	ચાબુક પરેશ...	મફત.
તફશીરે દીને મજદયશન	ઈક ભલું ઇછનાર પારશી.	બબ પરીનટીંગ.	રૂ૪)
તોશીફે જરતોશત......	શોરાબજી જમશેદજી જીજીભાઇ	દફતર આશકારા	રૂ૧)
દશતુર બાબખ કેશ	ઈક બેહેદીન.....	શનડે રીવીવ..	રૂ૦॥
નશીહતનો બાગ, યાને નોશરવાંન આદલની નશીહત તથા શાહાનાંમાંનો કીશશો	પેશતનજી કુવરજી ડાકટર..	બબ પરીનટીંગ.	રૂ૩)
પાયદશ પાથો......	દાદાભાઈ કાવશજી	અ. શોદાગર..	છ પઈ
પારશી પનચાતનો હીશાબ.......	પંચાતનાં ફનડનાં તરશટીઓ	જામે જમશેદ..	મફત.

ચોપડીઓનાં નાંમ	બનાવનારનાં નાંમ	છાપાખાંનાં	કીમત.
ફારશી મોનાજાત(માઈની શાથે)	કાવશજી ફરદુનજી મરજબાંન	પુશ્તા પખકીઆર.	રૂ૦॥।
ભરૂચના નવાબનો કીશો	બેરાંમજી ફરદુનજી વકીલ..	ચનડે રીવીઊ..	રૂ૧)
મનોહર નાટક ગાયન	માંણેકજી દાદાભાઈ	ઈમપીરીઅલ..	રૂ૦॥
રાગ શીક્ષક	નશરવાંનજી દોરાબજી આપઠ	આપઈખતીઆર	રૂ૪)
રૂ કાંતનારનો મદદગાર......	શોરાબજી ફરદુનજી ફલચીદાંણા	જોરાસટરીઅન	રૂ૨)
રૂસતમ અને શોહરાબ..	ફરદુનજી જમશેદજી પોરો..	દફતરઆશકારા	રૂ૧)
રૂસતમી અખીઆશ..	રૂસતમજી બેરાંમજી ઇજનેર	જનરલ પ્રીંટીંગ	રૂ૦॥।
વઇદક ગ્નાન	ડાકટર ખરજોરજી બેરાંમજી	દફતરઆશકારા	રૂ૧૨)
શમશતજરથોશતી અનજુમનનો હેવાલ	પનચાતનાં ફંડના તરશટીઓ	જામે જમશેદ...	મફત
શવંત ૧૯૨૭ નાં વરશનાં ગુજરાતી પંચાંગ..	દાદાભાઈ કાવશજી...	અ. શોદાગર..	રૂ૦।
શીઆવખશ ફરંગીજ ------	નાદરશા નવરોજી કાબરા..	શીરટ પરીનટીગ	રૂ૧)
જુનાના ખુરગની વારતા.. --	પેશતનજી કાવશજી	ચાબુક વરેશ ...	રૂ૧)
સુલેહનાં અમલદારોની શભાનો હેવાલ............	શોરાબજી ખરશેદજી ઇજનેર	ચનડે રીવીઊ...	૦)=
Bunsha's Calendar and Directory for the year of yezdijird 1239. ...	શોરાબજી રૂસતમજી બનશા.	ઇજી. શોશાઇટી	રૂ૨)
Delectus of Henry young	ફ્રેંક પારશી	ઈમપીરીઅલ..	રૂ૦।
History of Greece	જીજીભાઈ બાટલીવાલા	શીરટ પરીનટીગ	રૂ૦॥
ParseePriest Defamation Case..	દોરાબજી ફરદુનજી તાતા	ઇજીઊકેશન શો.	રૂ૧)
Self Instructor, No. 2.	....	જોરાસટરીઅન	રૂ૧)
Why and because for the History of India ..	જીજીભાઈ ખરશેદજી કાપડીઆ	ઈમપીરીઅલ..	રૂ૦॥

પરચુરણ—ગયાં શાલમાં આપણી નાંમદાર રાંણીનો વચલો પુતર પરીનશ આલફરેડ અતરે આવેઓતો તેને લગતા પારશીઓથી કેટલાક જાંણવાજોગ બનાવ બનેઆ તે એકે, નાંમદાર હીંદી ઉમરાવ શર જમશેદજી જીજીભાઈ બારોનેટ તે નાંમદાર રાજકુંવરની મુલાકાતને માટે કલકતે શીધારેઆ હતા, જાહાં તેવોને ઘણું માંન મળેલું હતું. જારે નાંમદાર પરીનશ આલફરેડ મુંબઈમાં આવેઓ તાહારે પારશી બાંનુઓએ એલેકજાંનડરા ઈશકુલની શભામાં "ઓવરણાં" લીધા હતા. તે શાથે બીજીવાર એ નાંમદારની ગાડી રશતેથી જાતી વેલાએ પારશી બાંનુઓએ ફુલનાં તોરા ફેંકી "હુરરે" નાં પોકાર કરેઆ હતા, તે બનાવ જાંણવા, અથવા નોંધવા જોગ ગણાંએછે. આ નાંમદાર શાહાજાદાને અતરેનાં બંને જરથોશતી દસતુરો જામાસપજી મીનોચેરજી જામાસપઆસાનાંએ અને પેસુતનજી બેરાંમજીએ જંદ, પેહેલવીમાં મુબારકબાદી પતરો આપેઆં હતાં, તેની શાથે પેહેલા દસતુરજીએ એ શાહાજાદાની માંન

શાથે મુલાકાત પણ લીધી હતી. એજ પરમાંણેનુ એક માંન પતર મોબેદ ખરશેદજી મનચેરજી કટેલીએ પણ આપેઉ હતું; અને તે બધાંનો પરતીઉતર એ નાંમદાર પરી નશ ગાડેથી પાછળથી ફરી વલેઓ હતો. તેમજ મુમબઈમાં ગાંમડીઓની મેહેમાંનદારીમાં ફકત શર જમશેદજી જીજીભાઈ બારોનેટનુ ઇજન એ નાંમદાર શાહાજાદાએ કબુલ રાખી તેઓના ખંડાલાના ઘાત ઉપરના બંગલામાં જીઆફતને માટે શીધારયો હતો. આથી પારશીઓનાં માંનમાં સારો વધારો થયો હતો.

ખાંન બાહાદુર દશતુર નોશરવાંનજી જામાસપજી જામાસપઆસાનાંએ, હીનદુશથાંનનાં નાંમદાર ગવરનર જનરલ લારડ મેઓએ તા૦ ૩ જી મારચ ૧૮૭૦ ને દીને આંકોલામાં ભરેલી દરબારની વેલાએ તે નાંમદારની મુલાકાત લીધી હતી.

મી૦ રૂશતમજી વીકાજી રજાપર ઇગલંડ ગયા હતા તેઓની મુલાકાત આપણી નાંમવર માહારાંણી વીકટોરીઆએ ભરેલી એક લેવીમાં લીધી હતી.

અંગરેજ શરકારે વેશીઆઓ શંબધી ચેપી રોગની શરટીફીકિટનો કાએદો કાહાડયાથી તા૦ ૩ જી જુલાઇ શને ૧૮૭૦ ને દીને આલબલેશ બાગમાં પારશી સેઠોએ નાંખલી મોટી શમશત અનજુમન બોલાવીને એવો ઠરાવ કીધો કે જે કોઈ પારશણ તેનો લાભ લીએ તેણીને નાતબાહેર મેલવી. આ ઠેડાવની સાંમે ૨૫) જરથોશતીઓએ "પરોટેશટ" કરેઓ હતો.

ઓરદાદશાલ અને બીજા તેહેવારોને ટાંણે કશરતશાલામાં પારશી છોકરાઓને કુસતી રમાડેઆમાં આવી હતી. એજ ખાતાંનાં છોકરાઓ ગોડે કરીકેટ, અથવા દડાદાવની રમત રમાડી જીતનારાઓને ઈનાંમ આપેઆં હતાં.

હાંનરેબલ શેઠ બેરાંમજી જીજીભાઈએ કાંઉનશીલમાં રૂઉનાં કાવતરાંનાં અનઘટતા ધારાની શાંમે અછી બાઠ ભીડી હતી, અને વડી શરકારની પસંદગીથી તે ધારો અતે રદ થયો. એજ શેઠે વડોદરા રેલવે શંબંધી કાગલ પતરો લખી ઉદવાડાનુ ઈશટેશન નવું ઉઘડયું તેની ટરેન ચાલુ કરાવી, તથા ઉતારૂઓની ટીકીટનો ભાવ ઘટાડવાની દરખાશત કીધી હતી, જે ઉપર અંમલ થયોછે. એ વીગરેનાં બીજાં કીરતીનાં કાંમો કરી એ વરસમાં એ શેઠે અછું નાંમ મેલવેઉ છે. એજ સેઠની એક આખી શબી પુણાંની મોટી પોરટરેટ ગેઆલરીમાં નાંમદાર શરકારની ખાહેશથી મેલવાને નાંમીચાંજ રમન ચીતારા મી૦ જેનશન પાશે શરકારનાં ખરચથી ઉતારવામાં આવીછે.

મી૦ માંણેકજી ફરદુનજી પટેલ નાંમનાં એક જવાંન પારશીએ પોતાની કારીગીરીથી "વીલાશીપીડ" ની ગાડી, તારના સંચા, તથા ઈસ્ટીમ ઈનજીન બનાવી દેશી હુનરનાં માંનમાં વધારો કરેઓછે.

ગયાં શાલમાં પારશીઓમાં આપઘાતનો દલગીરી ભરેલો વધારો થાઈ પડેઓ હતો અને એ માઠી રીતથી ઘણાંક પારશી મરદ, ઓરતો એ શાલમાં આપઘાત કરી મરણ પાંમાં હતાં.

પારશી કોંમમાં નીપજેલાં અતરે જાંણીતાં મરણોમાં ડાવેજર લેડી આવાંબાઈ તે મરહુંમ શર જમશેદજી જીજીભાઈ પેહેલા બારોનેટનાં ધણીઆંણી રોજ ૫ મા

માહા ૫ માને દીને હક શાયાં હતાં. એ બાઈનાં મરણનો સોગ પારશી ટોલાએ પોતા નાં દુકાંનો વીગરે બંધ રાખી જણાવેઓ હતો.

શર જમશેદજી જીજીભાઇ(બીજા) બારોનેટની બેટી બાઈ જરબાઈ, તા૦ ૨૮ મી મેએ ૧૮૭૦ ને દીને મરણ પાંમાંછે.

શેઠ જીવાજી માંણેકજી વાછા તે હાલનાં શર જમશેદજી જીજીભાઈ બેરોનેટન પીતરાઈ ભાઈ, તા૦ ૧૧ જુન ૧૮૭૦ ને દીને મરણ પાંમાછે.

શેઠ દાદાભાઈ માંણેકજી વાછા, તા૦ ૨૫ મી અકટોબર ૧૮૭૦ ને દીને મરણ પાંમાછે.

પારશી ટોલાના જાંણીતા અંધીઆરૂ શેઠ ડોસાભાઈ શોરાબજી મુનશી, રોજ ૫ મો માહા ૧૨ માને દીને ૮૫ વરશની વયે કઈલાસ પાંમા છે.

ઈતીઆદી, ઈતીઆદી,

બનાવો ગીઆં શને ૧૨૩૯ નાં વરશમાં બનેઆછે અને તેની અગતજોગ નોંધ હમોએ ઉપર જણાવીછે, જે હમારાં જરથોશતી ધરાકોને ઉપયોગી લાગશે એવી આશા રાખવામાં આવેછે. સપાપત કરતાં દલગીરી સાથે જણાવવું પડેછે કે એ શાલની આખેરે યુરોપ મધે બે જબરદશત રાજો ફરાંનસ તથા પરશીઆ વચે એક ખુનખાર લડાઇ ઉઠીછે, જેથી મુમબઈના વેપાર તથા વેપારીઓને મોટી નુક શાંની થાવાની ધાશતી છે.

યજદેજરદી શને ૧૨૪૦ નાં શાલની મુબારકબાદી.

જરતોશતી કોમનું શહરૂ થાતું યજદેજરદી શને ૧૨૪૦ નું શાલ, કે જે દીનેથી આ નવાં કાલેનડરની પણ શરૂઆત થાયછે-તે પંચાંગ વટે હમારા હમજાતી ઓને મુબારકબાદી આપતાં હમો દુવા ગુજારીએ છી એ કે એ નવું શાલ આખી જરતોશતી કોંમને ખુશ ખુશાલી ભરેલું, જેબ આપનારૂં તથા વરધીમાંન ગુજરે, અને પારશીનો પંકાએલો ટોલો પોતાનાં માંન અને મરતબામાં વધારો કરી પોતાની શદાની કીરતી શાચવવાને શાંમરથનાંન થાએ. આંમીન.

શઘલી વરણોના શરકારી રજાના દાહાડાઓ.

પારશીઓનાં તેહુવારો.

દાહાડાં	તેહેવારોનાં નાંમો.	કીએ દીવશે તે તેવાર આવેચ — રોજ.	મ્હા	આ વરશમો કેઈ તારીએ, કીએ મહીને અને કીઆ વારે એ તેહેવારો આવશે. — તારીખ.	મહીનો.	શને.	વાર.
૧	નોરોજ, નવું વરશ......	૧	૧	૨૨	સપટેમ્બર	૧૮૭૦	ગુરૂવાર.
૧	ખોરદાદશાલ...........	૬	૧	૨૭	સપટેમ્બર	૧૮૭૦	મંગલ.
૧	અવરદાદશાલ(વરાવો)...	૭	૧	૨૮	સપટેમ્બર	૧૮૭૦	બુધ.
૧	આતશબેરાંમ શાલગરે...	૧૭	૨	૭	નવેમબર	૧૮૭૦	શોમ.
૧	જમશેદી નોરોજ.........	૧	૭	૨૧	મારચ...	૧૮૭૧	ભોમ.
૧	આવાંમહીનાનુ જશન...	૧૦	૮	૨૯	એપરેલ..	૧૮૭૧	શની.
૧	આદર મહીનાનુ જશન...	૯	૯	૨૮	મેએ....	૧૮૭૧	રવી.
૧	ફરવરદીગાનનુ જશન...	૧૯	૯	[illegible]	જુન.....	૧૮૭૧	બુધ.
૩	ગાથા ઘંમબાર—પતેતી...	ગં ૩-૪-૫	૧૨	૧૯—૨૧	શપટેમબર	૧૮૭૧	મંગ,બુધ,ગુર

હીનદુઓનાં તેહુવારો.

દાહાડાં	તેહેવારોનાં નાંમો.	કીએ માશે ને કેઈ તથીએ તે આવેચ.	આ વરશમો કેઈ તારીએ, કીએ મહીને, શું વારે એ તેહેવાર આવસે. — તારીખ.	મહીનો.	શને.	વાર.
૧	મકરશંકરાંતી	પોશ વદ ૬	૧૨	જાનેવારી	૧૮૭૧	ભરેસપત.
૧	માહા શીવરાતરી	માહા વદ ૧૩	૧૭	ફેબરવારી	"	સુકરવાર
૨	હોલીનો તેહેવાર.........	ફાગણ શુદ ૧૫	૭	મારચ.	"	ભોમ.
૧	રાંમનવમી	ચઈતર સુદ ૯	૩૦	મારચ ...	"	ગુર.
૧	બલેવ	શરાવણ સુદ ૧૫	૩૧	જુલાઇ...	"	શોમ.
૧	જનમ અશટમી	શરાવણ વદ ૮	૮	આગશટ.	"	ભોમ.
૧	ગણેશ ચોથ..............	ભાદરવા શુદ ૪	૧૮	સપટેમબર	"	શોમ.
૧	દશેરા	આશો સુદ ૧૦	૨૩	અકટોબર	"	સોમ.
૨	દીવાલી	આશો વદ ૩૦	૧૨	નવેમબર.	"	રવી.

ઇંગરેજોનાં તેહુવારો.

ઈશટર હોલીડેએ—તા૦ ૨૫ —૨૬ મી મારચ ૧૮૭૦ ને વાર શની, રવી.
એશેનડેએ—તા૦ ૨૧ મી મેએ ૧૮૭૧ ને વાર રવેઉ.
પેનટીકોશટ હોલીડેએ—તા૦ ૧ લી, ૨ જી જુન ૧૮૭૧ ને વાર ગુર, શુકર.
કરીશટમશ ડે—૨૫ મી ડીસેમબરથીતે ૩૧ મી ૧૮૭૦ શુધી. રવેઉથી તે શનેઉ સુધી.

મુશલમાંનોના તેહુવારો.

મેરાજ...............	૧	રમજાન ઈદ......	૨	વેફાતે હજરત.........	૧
શબેબરાત............	૧	બકરી ઈદ.........	૧	મેદીએ રોશન.........	૧
શબેકદર...	૧	આશોરા	૨	મેહેમનો ઓરશ... ...	૧

જાહેર રજાનાં દાહાડાવો.

અંગરેજોનુ નવું. વરશ—તા૦ ૧ લી જાનેવારી શને ૧૮૭૧ ને વાર રવેઉ.
ગુડફરાઈડેએ—તા૦ ૨૬ મી મારચ ૧૮૭૧ ને વાર રવેઉ.
રાંણીની શાલગરેહ - તા૦ ૨૪ મી મેએ ૧૮૭૧ ને વાર બુધ.
કરીશટમશ ડેએ—તા૦ ૨૫ મી ડીશેમબર ૧૮૭૦ ને વાર સુકરે.

માહા ૧ લો ફરવરદીન શેહેનશાહી સને ૧૨૪૦ યજદજરદી.

પારશીઓના તીસે રોજ—તેનાં નાંમ સાથે.	વાર.	ઈંગરેજી તારીખ	હીંદુ તીથ	કદમી પારશીઓનો રોજ ૧ થી ૩૦ સુધી—માહા ૨ જો અરદીબેશત શને ૧૨૪૦ યજદજરદી. ઈંગરેજી તારીખ ૨૨ મી સપટેમબરથી ૨૧ મી અકટોબર ૧૮૭૦ સુધી હીંદુઓના સંવત ૧૯૨૬ ના ભાદરવા વદ ૧૨ થી આસો વદ ૧૨ સુધી.
૧—અહુરમજદ	ગુરૂ	૨૨	૧૨	શેહેનશાહી પારશીઓનો "નોરોજ" અથવા નવું વરસ (પતેતી)
૨—બેહમન....	સુકર	૨૩	૧૩	[માહા ૨ જો અરદીબેશત કદમી.
૩—અરદીબેશત	શની.	૨૪	૧૪	શેનશાહીઓનો રપીથવન ફ્જીવાનો દીવસ—હમકારો. કદમીઓ
				[નું અરદીબેશત અમસાસફંદનુ જશન.
૪—શેહેરેવર....	રવી	૨૫	૩૦	૧૮૦૫ માં હોલકરે બરીટીશોનાં એક સંસ્થાંનનો નાસ કીધો.
૫—સફંદારમદ.	શોમ	૨૬	૧	ચાંદરાત. હીનદુઓનાં નોરતાં બેઠાં. હીનદુઓનો આશો માસ.
૬—ખુરદાદ....	ભોમ	૨૭	૨	શેહેનશાહીઓનો ખોરદાદશાલ—ખાસ લોકોનો નોરાજ. પયંમ
૭—અમરદાદ..	બુધ	૨૮	૪	શો० અમરદાદશાલ (વરાવો). [બર જરથુશતનો જનમ દીવસ
૮—દેપાદર. ...	ગુરૂ	૨૯	૫	૧૮૨૬ માં રશીઆએ તુરકીની સાંમે લડાઈ ચલાવી.
૯—આદર.. ...	સુકર	૩૦	૬	આદર રોજનો હમકારો. ૧૬૮૭ મુંબઈનુ શેંટ ટાંમસનું દેવલ બંધાયુ
૧૦—આબાં ...	શની	૧	૭	અકટોબર માસ. ૧૮૬૫ નો ૨૮ મો કાયદો ૧૮૬૭ માં બંધ થયો
૧૧—ખુરશીદ...	રવી	૨	૮	કદમીઓના "મેદીઓજરેમ" ઘમબાર. માલક્ષમીમાં હોમની જાતરા.
૧૨—મોહોર ...	શોમ	૩	૯	નોરતાં ઉતરેઆં. હીનદુઓનો દસેરાનો તેહેવાર.
૧૩—તીર.	ભોમ	૪	૧૦	
૧૪—ગોસ......	બુધ	૫	૧૧	ઈસવી ૧૫૩૬ માં ખરીશટીઓની ઈંગરેજી બાઈબલ પેહેલી છપાઈ
૧૫—દેપમેહેર ...	ગુરૂ	૬	૧૨	૧૭૭૩ માં લુઇસ ફીલીપ જનમેઓ.
૧૬—મેહેર	સુકર	૭	૧૩	૧૮૬૫ માં મુંબઈમાં ગાસલાઈટ થઈ. ૧૭૩૭ માં ગેનજીસ નદીપર
				[એક મોટા ધરતીકંપ અને તોફાંન થવાથી ૩ લાખ માંણસ મુવાં.
૧૭—સરોશ. ...	શની	૮	૧૪	હમકારો. ફીરોજપોરના નવાબને ખુનના વાંકસર ફાંશી દીધો, ૧૮૩૫
૧૮—રશન......	રવી	૯	૧૫	માંણેકથારી પુણેમ—મજગાંમમાં માંણેકેશવરની જાતરા.
૧૯—ફરવરદીન...	શોમ	૧૦	૧	શેનશાહીઓનુ ફરવરદીઆંનનુ જશન—મુંબઈ માંહેલાં મોદીજીવા
				લાં દખમાંને ૧૬૪ મુ—શેઠ માંણેકજી નવરોજી વાલાંને ૧૧૩ મુ—
				પંચાત વાલાં દખમાંને ૮૦ મુ—ગનદેવીનાં જુનાં દખમાંને ૧૪૬મુ
				શેઠ જ० ના० સપલા વાલાં દખમાંને ૫૪ મુ—વીકાજી મેરજીનાં શો
				લાપુર તથા બાલાપોર અને ઓરંગાબાદમાં બંધાવેલાં ૩ દોખમાં
૨૦—બેહરાંમ ...	ભોમ	૧૧	૨	બેરાંમ રોજનો હમકારો { ઓને ૨૭ માં, તથા એજ સેઠનાં હેદરા
૨૧—રાંમ	બુધ	૧૨	૩	{ બાદમાંનાં દખમાંને ૨૫ મું વરસ બેઠું
૨૨—ગુવાદ	ગુરૂ	૧૩	૪	સંકટ ચોથ. ઈસવી ૧૮૦૩ માં જનરલ વેલેસલીએ બરાંનપોર લીધુ
૨૩—દેપદીન ...	સુકર	૧૪	૫	ઈસવી ૧૮૦૧ માં ઈનડોર તરફ દોલતરાવ શીંદીઆએ જસવંત
૨૪—દીન	શની	૧૫	૬	[રાવ હોલકરપર જીતીત કીધી.
૨૫—અરશેસવંગ	રવી	૧૬	૭	ઈ० ૧૮૩૪ માં પારલામેનટનુ ઘર બલીયું.
૨૬—આસતાદ...	શોમ	૧૭	૮	ઈસવી ૧૮૧૩ માં આગરા કબજ કીધું. કાળા આઠમ.
૨૭—આસમાંન ..	ભોમ	૧૮	૯	ઈ० ૧૮૬૫ માં લારડ પાંમરસટન મરી ગયો— ઈ० ૧૮૧૭
૨૮—જમીઆદ..	બુધ	૧૯	૧૦	[માં ગવરનર જનરલ પીંડારાઓ સાંમે લડાઈ લઈ ગયો
૨૯—મારાસફંદ.	ગુરૂ	૨૦	૧૧	રાંમનાંમની અગીઆરસ. [ઉપર લશકરે ઘેરો ઘાલેઓ
૩૦—અનેરાં ...	સુકર	૨૧	૧૨	ઈ० ૧૮૦૫ માં ટરાફલગરની લડાઈ થઈ—૧૮૦૩ માં આશીરઘડ

માહા ૨ જો અરદીબેશત શેહેનશાહી ૧૨૪૦ યજદજરદી.

પારશીઓનાં તીસે રોજ—તેનાં નાંમ સાથે.	વાર	ઈંગરેજી તારીખ	હીંદુ તીથી	કદમી પારશીઓના રોજ ૧ થી ૩૦ શુધી, માહા ૩ જો ઓરદાદ સને ૧૨૪૦ યજદજરદી. ઈંગરેજી તા. ૨૨ મી અકટોબરથી ૨૦ મી નવેમબર ૧૮૭૦ શુધી. હીંદુઓનાં સંવત ૧૯૨૬ નાં આસો વદ ૧૩ થી, સંવત ૧૯૨૭ નાં કારતક વદ ૧૨ શુધી.
૧—અહુરમજદ	શની	૨૨	૧૩	માહા ૩ જો ઓરદાદ કદમી. ધનતેરસ. વેપારીઓમાં શેશ
૨—બેહમન...	રવી	૨૩	૧૪	કારી ચઉદસ [ણી કરવાના દીવસ સરૂ થયા.
૩—અરદીબેશત	શોમ	૨૪	૩૦	શે. અરદીબેસત અમસાસફંદનું જશન. દીવાલી, વહીપુજવાનો દીવસ
૪—શેહરેવર...	ભોમ	૨૫	૧	ચાંદરાત. હીનદુઓનુ સંવત ૧૯૨૭ નુ નવું વરસ. કારતક માસ
૫—સફંદારમદ	બુધ	૨૬	૨	હીનદુઓની ભાઈબીજ. [૧૮૦૨ માં પુણા મધે શીંધીઆએ
૬—ખુરદાદ...	ગુરૂ	૨૭	૩	કદમીઓનુ ઓરદાદગાંનનુ જશન. [હોલકરથી હાર ખાધી.
૭—અવરદાદ	સુકર	૨૮	૪	હીંદુઓની વીનાએક ચોથ.
૮—દેપાદર ...	શની	૨૯	૫	ધમખાર—શેઠ ફ. ન. પટેલનાં
૯—આદર ...	રવી	૩૦	૬	આદર રોજનો હમકારો. મજઆંમનાં આદરાંનને ૨૫ મુ વ
૧૦—આબાં ...	શોમ	૩૧	૭	હીંદુઓની દુરગા આઠમ. રસ—નવેમબર મહીનો બેઠો,
૧૧—ખુરશીદ...	ભોમ	૧	૯	શેનશાહીઓના અરદીબેશત મહીનાના "મેદીઓજરેમ" નામના
૧૨—મોહર ...	બુધ	૨	૧૦	૧૮૪૧ માં કાબુલમાં બલવો થયો. ૧૮૫૪ માં મુમબઈમાં તોફાંન થયુ
૧૩—તીર	ગુરૂ	૩	૧૧	દેવદીવાલી. તુલશીનાં લગન. નાએગાંમમાં વીઠુબાની જાતરા
૧૪—ગોસ......	શુકર	૪	૧૨	[નવસારીમાં પીર મગતુમજીનો ઓરસ.
૧૫—દેપમેહર...	શની	૫	૧૨	ઈ. ૧૮૫૪ માં ઈનકરમાનનુની લડાઈ થઈ.
૧૬—મેહર. ...	રવી	૬	૧૩	વઈકુંઠ ચઉદસ. ૧૭૬૩ માં પટના લીધુ.
૧૭—સરોશ ...	શોમ	૭	૧૪	હમકારો. વાલકેશવરની જાતરા. શેનશાહી પારશીઓનાં ૩ આ
				તસબેરાંમો તથા આદરાંનોની સાલગરેહ. તેમાં નવસારીનાં
				આતસબેરાંમને ૧૦૬ મુ, સુરતમાંના આતસબેરાંમને ૪૮ મું,
				મુંબઈમાંનાં આતસબેરાંમને ૪૧ મુ, શેઠ મં. બ. નાં બારેકોટ
				નાં આદરાંનને ૪૯ મુ, તથા શેઠ સા. શો. કપાવાલાનાં આદ
૧૮—રશન. ...	ભોમ	૮	૧૫	ઇગરેજોએ કાબુલનો નાસ કીધો, ૧૮૪૧. [રાંનને ૧૩ મુ વરસ
૧૯—ફરવરદીન	બુધ	૯	૧	મુસલમાંનોની સબેબરાત. ૧૮૪૧ માં પ્રીનશ આફ વેલસ જનમેઓ
૨૦—બેહરાંમ...	ગુરૂ	૧૦	૨	હમકારો. શેઠ હોરમજી બમનજી વાહાડીઆનાં અરનીવાડી આ
				[તેનાં આદરાંનને ૬૫ મુ વરસ બેઠું. ૫૭૦માં મહમદ જનમેઓ
૨૧—રાંમ......	શુકર	૧૧	૩	હીનદુઓની સંકટ ચોથ. ૧૮૬૫ માં બુતાંન સાથે સલાહ થાઈ.
૨૨—ગુવાદ ...	શની	૧૨	૪	ભરૂચમાં આઈદરૂસ સાહેબનો ઓરસ. [ની લડાઈ થઈ
૨૩—દેપદીન...	રવી	૧૩	૫	હીંદુઓનો જેરણછોડનો રથ કોટમાં ફરવાનીકલશે. ૧૮૧૭માં કીરકી
૨૪—દીન......	શોમ	૧૪	૬	હીનદુઓના વરતારા મુજબની હેમંત રૂતુ બેઠી.
૨૫—અશેસવંગ	ભોમ	૧૫	૭	૧૭૯૮ માં મનારેકા લીધું. ૧૮૫૧ માં રાસ્ત ગોફતાર નીકલેઉં
૨૬—આસતાદ	બુધ	૧૬	૮	શેઠ ખરશેદજી માંણેકજી સરાફે બંધાવેલાં કોટ મધેનાં શેનશાહીઓ
				[નાં આદરાંનને ૫૫ મુ વરસ બેઠુ—૧૮૧૭ માં પુણાંની લડાઈ થઈ
૨૭—આસમાંન	ગુરૂ	૧૭	૯	લખનોરમાં બીજીવાર સમાધાંની થઈ. હજરત આજાબે અજી અ
૨૮—જમીઆદ	શુકર	૧૮	૧૦	૧૭૭૨ માં ભરૂચ લેવાયુ [ને બુશતાંમીનો ઓરસ
૨૯—મારાસફંદ	શની	૧૯	૧૧	મુંબઈમાં ભુલેશરની તથા દખણમાં આનંદીની જાતરા, ૧૮૬૨ માં
૩૦—અનેરાં ...	રવી	૨૦	૧૨	[મુમબઈ મધેનાં વીકટોરીઆ મીયુજીઅમનો પાયો નખાયો.

માહ ૩ જો ખોરદાદ શેહેનશાહી શને ૧૨૪૦ યજદજરદી.

પારશીઓનાં તીથ રોજ—તેનાં નાંમ શાથે.	વાર	ઈંગરેજી તારીખ	હીંદુ તીથી	કદમી પારશીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહ ૪ થો તેસતર તીર કદમી, સને ૧૨૪૦ યજદજરદી. ઈંગરેજી તા૦ ૨૧ મી નવેંબરથી તા૦ ૨૦ મી ડીસેમબર ૧૮૭૦ સુધી હીનદુઓના સંવત ૧૯૨૭ ના કારતક વદ ૧૩ થી માગસર વદ ૧૩ સુધી.
૧—અહુરમજદ	શોમ	૨૧	૧૩	શીવરાતરી. માહ ૪ થો કદમી. સુરતનાં કાંકરાખાડી આગલનાં [અનજુમનવાલાં દખ્મામાંને ૧૦૮ મુ વરસ. રાંણી વીકટોરિયાની
૨—બેહમન...	ભોમ	૨૨	૧૪	નવી વાડીની જાતરા. [બેટી પ્રિન્સેસ રાયલ ૧૮૪૦ માં જન્મિ.
૩—અરદીબેશત	બુધ	૨૩	૩૦	હમકારો. સુરત મધેનાં કદમીઓનાં આતશબેરાંમને ૪૮ મુ, તથા [પુણાં માહેલાં સર જ૦જી૦ બારોનેટે બંધાવેલાં આદરાંનને વરસ [૨૬ મુ બેઠું. મુંબઈ અને કરાંચો વચે ઈસટીમર 'સુરત' ડુબી તેમાં
૪—શેહરેવર...	ગુરૂ	૨૪	૨	ચાંદરાત. માગશર મહીનો બેઠો. [૧૨૦ માંણસ ડુબી મુવાં
૫—સફંદારમદ	શુકર	૨૫	૩	રોજા મહીનો બેઠો. ૧૫૧૦ માં આલબુકરે ગોવા લીધું
૬—ખુરદાદ...	શની	૨૬	૪	શે૦ ખોરદાદ અમસાશફંદનુ જશન. ૧૭૦૦ માં ઈશટ ઈનડયા
૭—અવરદાદ	રવી	૨૭	૫	બીબી ફાતમા ગુજરી, [કમપનીનું રાજ થયુ
૮—દેપાદર ...	શોમ	૨૮	૬	ઈ૦ ૧૮૬૪ માં મુમબઈથી બલશાર સુધીની વડોદરા રેલવે ચાલુ થઈ
૯—આદર ...	ભોમ	૨૯	૭	આદર રોજનો હમકારો. [સાથ રેલ આવીતી.
૧૦—આબાં ...	બુધ	૩૦	૮	દુરગા આઠમ. ૧૮૩૧ માં કલકતાની આસપાસ મોટાં તોફાંન
૧૧—ખુરશીદ...	ગુરૂ	૧	૯	કદમીઓના તીર મહીનાના ઘંબાર. ડીસેમબર માસ ઈંગરેજી.પરી
૧૨—મોહર ...	શુકર	૨	૧૦	[નશ આફ વેલશ જનમેઓ ૧૮૪૪.
૧૩—તીર......	શની	૩	૧૧	કદમીઓનુ તીરગાંનનુ જશન. નાંધલે કોલાબેનાં શેઠ મે૦ ફ૦ પાંડે [ના "મેરવાંન બાગ" ને વરશ ૬ ઠુ બેઠુ. ૧૮૧૦ માં મોરીશ
૧૪—ગોસ......	રવી	૪	૧૨	હીંદુશથાંનમાંથી સતીની ચાલ નાબુદ કીધી ૧૮૨૯. [તાબે થયુ
૧૫—દેપમેહર...	શોમ	૫	૧૩	વજી બેરાંમજી બનાજીનાં મુંબઈનાં કદમી આતશબેરાંમને ૨૬ મુ
૧૬—મેહર......	ભોમ	૬	૧૪	વરશ બેઠું. મેહેમનો, પીરપાંઉનો, તથા દીવ દીવાનો ઓરશ.
૧૭—સરોશ ...	બુધ	૭	૧૫	હમકારો. તારદેવમાં નાના શંકરસેઠનાં દેહેડાંની જાતરા. શેઠ કા
૧૮—રશન......	ગુરૂ	૮	૧૫	૧૮૫૪ માં મુમબઈમાં મોટા ધરથીકંપ થયો. [ન લઈ ગયા
૧૯—ફરવરદીન	શુકર	૯	૧	૧૮૫૮ માં દીલીના પાદશાહ અને તેનાં કુટંબને બંદીવાંન કરી રંગુ
૨૦—બેહરાંમ...	શની	૧૦	૨	હમકારો. ૧૮૫૬ માં બુશેહેર કબજ કીધું.
૨૧—રાંમ......	રવી	૧૧	૩	શંકટ ચોથ.
૨૨—ગુવાદ ...	શોમ	૧૨	૪	૧૬૪૨ માં નીઉજીલાંડની શોધ થઈ.
૨૩—દેપદીન...	ભોમ	૧૩	૫	પ્રથિવી શને ૧૮૫૬ માં શેઠ માંણેકજી ખરશેદજી મુમબઈમાં દેશી {ઓમાં પેહેલ વેહેલા શરીફ થયા. ૧૬૮૫ માં હીનદુસતાંનમાં
૨૪—દીન......	બુધ	૧૪	૬	૪૧ ટનની પીતલની તોપ બનાવામાં આવી હતી.
૨૫—અરેંસવંગ	ગુરૂ	૧૫	૭	૧૮૪૩ માં મરહુંમ પેહેલા બારોનેટ શર જમસેદજી જીજીભાઈને રાં [ણી વિકટોરિયા તરફથી હીરામાં જડેલો સુનાનો ચાંદ મલ્યો.
૨૬—આસતાદ	સુકર	૧૬	૮	હજરત અલીને ગુજરવાનો દીવશ. [કાળા આઠમ.
૨૭—આશમાંન	શની	૧૭	૯	
૨૮—જમીઆદ	રવી	૧૮	૧૧	શફુલા અગીઆરશ. ૧૭૭૩ માં બોસટનમાં ચાહેનો મોટા નાશ
૨૯—આશતાદ	શોમ	૧૯	૧૨	[થયો. ૧૮૫૪ માં મુડકીની લડાઈ થઈ.
૩૦—અનેરાં...	ભોમ	૨૦	૧૩	હીનદુઓની શીવરાતરી.

માહા ૪ થો તીર શેહેનશાહી સને ૧૨૪૦ યજદજરદી.

પારશીઓના તીસે રોજ—તેનાં નામ સાથે.	વાર.	ઇંગ્રેજી તારીખ	હીંદુ તીથ	કદમી પારશીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહા ૫ મો અમરદાદ કદમી શને ૧૨૪૦ યજદેજરદી. ઇંગ્રેજી તા૦ ૨૧ મી ડીસેમબર ૧૮૭૦ થી તા૦ ૧૯ મી જાનેવારી શને ૧૮૭૧ સુધી. હીંદુ સંવત ૧૯૨૭ નાં માગશર વદ ૧૪ થીતે પોશ વદ ૧૩ સુધી.
૧—અહુરમજદ	બુધ	૨૧	૧૪	માહા ૫ મો અમરદાદ કદમી. ૧૮૬૯ માં રાંણી વીકટોરિયાનો વચ્ચે લો પુતર પરીનસ આલફરેડ હિંદુસ્તાંનની મુશાફરીમાં પેહેલ વે હેલો કલકતે આવી પુગો. ૧૮૧૭ માં મેહીદપુરની લડાઈ થઈ.
૨—બેહમન ...	ગુરૂ	૨૨	૩૦	મરાઠા લોકો ૧૭૭૨ માં દીલીમાં દાખલ થયા. ૧૮૪૫ માં ફીરોજ
૩—અરદીબેહશત	સુકર	૨૩	૧	હમકારો. ચાંદરાત. પોશ માશ બેઠો. [શાહાની લડાઈ ચાલી.
૪—શેહેરેવર...	શની	૨૪	૨	મુશલમાંનોની રોજા ઈદ.
૫—સફંદારમદ	રવી	૨૫	૩	વીનાએક ચોથ. ખરીશટીઓનો ખરીશટમશ દેએ.
૬—ખુરદાદ ...	શોમ	૨૬	૪	૧૭૫૪ માં પાંનડીચરીમાં સલાહ થઈ.
૭—અમરદાદ	ભોમ	૨૭	૫	કદમીઓનુ અમરદાદગાંનનુ જશન. શેઠ જમશેદજી બરજોરજી મી [શતરીએ બેલાબમાં બંધાવેલાં આદરાંનને ૨ જુ વરશ બેઠું
૮—દેપાદર...	બુધ	૨૮	૬	દાહાડો વધવા તથા રાત ઘટવા માંડશે. ૧૭૭૮માં શાલશેટ અને
૯—આદર ...	ગુરૂ	૨૯	૭	હમકારો. નવસારીમાં શઈએદ શાદતનો ઓરશ. [બાશીન લીધું
૧૦—આબાં ...	સુકર	૩૦	૮	દુરગા આઠમ. ૧૮૦૩ માં શીનધીઆ શાથ શલાહ થઈ.
૧૧—ખુરશીદ...	શની	૩૧	૯	શેનશાહીઓના "મેદીઓશેમ" નામના ધમબાર.
૧૨—મોહર ...	રવી	૧	૧૦	ઇગરેજોનુ નવું વરશ, જાનેવારી માશ ૧૮૭૧ ઈશવી.
૧૩—તીર	શોમ	૨	૧૧	સેનશાહીઓનુ તીરગાંનનુ જશન. અમદાવાદમાં ગંજ આહામદ
૧૪—ગોસ	ભોમ	૩	૧૨	[નો તથા વલશાડમાં શઈયદ રોશનનો ઓરશ. ૧૮૫૮માં
૧૫—દેપમેહેર...	બુધ	૪	૧૩	૧૪૯૨ માં વેશટ ઈનડીશ સોધી કાઢ્યું. [ફરૂકાબાદ લીધું
૧૬—મેહેર......	ગુરૂ	૫	૧૪	બીશમીલાનો ઓરશ.
૧૭—સરોશ ...	સુકર	૬	૧૫	હમકારો. એ દીને રાતનાં ચંદર ઘરણ દેખાશે. સેઠ બમનજી મેરવાંનજી મેવાદલાલનાં ભીડીબજારમાંનાં આદરાંનને ૨૦ મુ તથા સુરતમાં નાનપરામાં સેઠ એદલજી બેરામજી બીશનીવા
૧૮—રશન......	શની	૭	૧	૧૮૪૨ માં કાબુલમાં કતલ ચાલી. લાં આદરાંનને ૩૩મુ વરશ બેઠું
૧૯—ફરવરદીન	રવી	૮	૨	બેહેમમો પરભાદેવીનીજાતરા
૨૦—બેહરામ ...	શોમ	૯	૩	હમકારો. સેઠ બેરામજી કાવશજી બાતલીવારાનાં માલક્ષ્મી મધેનાં [આદરાંનને વરશ ૬ બેઠું. શુરતમાં એનાદલાઈનડરૂશનો ઓરશ
૨૧—રાંમ	ભોમ	૧૦	૪	૧૮૦૬ માં કેપ આફ ગુડહોપ કબજ કીધુ.
૨૨—ગુવાદ ...	બુધ	૧૧	૫	૧૭૦૫ માં તરંકામલાઈ ફતે કીધું. ગનદેવીમાં પીર દાદા લેટર
૨૩—દેપદીન ...	ગુરૂ	૧૨	૬	શીરશ રૂતુ બેઠી. [મદનો ઓરશ.
૨૪—દીન... ...	સુકર	૧૩	૭	હીનદુઓની શંકરાંત—પુંન દાંન કરવાનો દીવશ.
૨૫—અશેસવંગ	શની	૧૪	૮	[ઉઘડયું. કાળા આઠમ.
૨૬—આસતાદ	રવી	૧૫	૯	૧૭૭૬ માં પોનડીચરી લીધુ. ૧૭૫૯ માં બરીટીશ મીઉજીઅમ
૨૭—આસમાંન	સોમ	૧૬	૧૦	સેઠ નવરોજી સોરાબજી ઉમરીગરે કલકતામાં બંધાવેલાં દખમાં
૨૮—જમીઆદ	ભોમ	૧૭	૧૧	[ને ૫૨ મુ વરશ. કરનાની લડાઈ ૧૮૦૯.
૨૯—મારાસફંદ	બુધ	૧૮	૧૨	૧૮૨૬ માં લારડ કમબરમરે ભરતપોર લીધુ.
૩૦—અનેરાં...	ગુરૂ	૧૯	૧૩	શીવરાતરી. ૧૮૩૯ માં એડન લીધુ.

માહા ૫ મો અમરદાદ શેહેનશાહી શને ૧૨૪૦ યજદજરદી

પારશીઓનાં તીશે રોજ—તેનાં નાંમ શાથે.	વાર	ઈ. તારીખ	હી. તીથ	કદમી પારશીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહા ૬ ઠો શેહેરેવર કદમી, સને ૧૨૪૦ યજદજરદી. ઇંગરેજી તા૦ ૨૦ મી જાનેવારીથી તા૦ ૧૮ મી ફેબરવારી ૧૮૭૧ સુધી હીનદુઓના સંવત ૧૯૨૭ ના પોશ વદ ૧૪ થી માહા વદ ૧૪ સુધી.
૧—અહુરમજદ	સુકર	૨૦	૧૪	માહા ૬ ઠો શેહેરેવર કદમી સને ૧૨૪૦ યજદેજરદી.
૨—બેહમન...	શની	૨૧	૧	શુરત મધેનાં અનજુમનનાં દોખ્મામાંને ૪૬ મુ વરસ બેઠું. હીનદુ
				{ઓનો માહ મારા બેઠો. ૧૮૫૦ મા ગુજરાતમાં લડા}
				{ઈ થઈ. ૧૭૮૮ માં આશટરીઆ વશાવીઊં.}
૩—અરદીબેશત	રવી	૨૨	૨	ચાંદરાત. કોટમાનાં ગોદાવરા મોબેદોનાં પંચાતે બાંધેલાં આદરાંન}
૪—શેહેરેવર...	શોમ	૨૩	૩	કદમીઓનુ શેહેરેવર અમશાશફંદનુ જશન. [ને ૪૫ મુ વરશ.}
૫—સફંદારમદ	ભોમ	૨૪	૪	
૬—ખુરદાદ...	બુધ	૨૫	૫	વશંત પંચમી. ૧૭૬૧ માં શાહા આલમે પટના મધે હાર ખાધી.
૭—અમરદાદ	ગુરૂ	૨૬	૬	શેહેનશાહીઓનું અમરદાદ અમશાશફંદનુ જશન.
૮—દેપાદર ...	શુકર	૨૭	૭	૧૮૩૬ માં બેગમ શામરૂ મરણ પાંમી.
૯—આદર ...	શની	૨૮	૭	હમકારો. ૧૮૪૯ માં આલીવાલની લડાઈ થઈ.
૧૦—આબાં ...	રવી	૨૯	૮	૧૭૮૦ માં કલકતામાં પેહેલ વેહેલું ઇંગરેજી વરતમાંન પત્ર નીકલેઊ
૧૧—ખુરશીદ...	શોમ	૩૦	૯	૧૬૪૯ માં પેહેલા ચારલશને ગરદન મારી.
૧૨—મોહર ...	ભોમ	૩૧	૧૦	૧૮૦૭ માં વેલોર ખાતે બલવો થયો.
૧૩—તીર......	બુધ	૧	૧૧	ફેબરવારી માશ ઇંગરેજી ૧૮૭૧ ઇશવી.
૧૪—ગોસ......	ગુરૂ	૨	૧૨	[માંનોના પીર હીમાશાનો ઓરશ.}
૧૫—દેપમેહર...	શુકર	૩	૧૩	૧૮૫૫ માં કલકતાની ઇશટ ઇનડીઆ રેલવે ચાલુ થઈ. મુશલ
૧૬—મેહર......	શની	૪	૧૪	૧૮૫૧ માં નાગપોરનો કીલ્લો તાબે કીધો. ફરેંચશાથ લડાઈ ૧૭૯૩
૧૭—સરોશ ...	રવી	૫	૧૫	હમકારો. હોરમજી બનજીભાઈ પટેલનાં મુંબઈનાં ડનકન રોડપરનાં}
				{આદરાંનને ૩૮ મુ વરશ, તથા ચોપાટી મધે શોરાબજી વાછાગાં}
				{ધીની નઈઅતે બાંધેલાં કદમી આદરાંનને વરશ ૧૪ મુ બેઠું.}
૧૮—રશન......	શોમ	૬	૧	ઇશવી ૧૮૧૯ માં શીંગાપોરમાં બનદોબશત થયો.
૧૯—ફરવરદીન	ભોમ	૭	૨	૧૮૫૭ માં આઉદને બરીટીશ શનતલતમાં જોડી નાખેઊં.
૨૦—બેહરાંમ...	બુધ	૮	૩	૧૮૫૭ માં કુશાબની લડાઈ થઈ.
૨૧—રાંમ......	ગુરૂ	૯	૪	૧૭૫૭ માં કલકતામાં કોલકરાર થયા.
૨૨—ગુવાદ ...	શુકર	૧૦	૫	૧૮૪૦ માં રાંણી વિક્ટોરિયા પરણી. સુરતમાં ઇદરૂશ શાહેબનો ઓરશ
૨૩—દેપદીન...	શની	૧૧	૬	૧૮૧૮ માં શેતારા લીધું.
૨૪—દીન......	રવી	૧૨	૭	૧૫૫૪ માં રાંણી મેરીને ગરદન મારી
૨૫—અરશીસવંગ	શોમ	૧૩	૮	૧૬૮૮ માં ઈંગલંડનાં રાજમાં બખેડો થયો.
૨૬—આસતાદ	ભોમ	૧૪	૯	કદમીઓના શેહેરેવર મહીનાના "પેતેશહમ" નામના ધંબાર. દી}
				{વ મધેનાં જેહાંગીર નશરવાંનજી વાહાડયાનાં આદરાંનને ૪૨}
				{મુ વરશ બેઠું. ૧૮૪૩ માં શીંધ હેદરાબાદની લડાઈ થઈ.}
૨૭—આશમાંન	બુધ	૧૫	૧૧	૧૭૮૦ માં ગોદાદે અમદાવાદ લીધું. ૧૮૪૬ માં લાહોરમાં કોલ}
૨૮—જમીઆદ	ગુરૂ	૧૬	૧૨	૧૭૯૯ માં એમબોઈના અને કોલમબો લીધું. [કરાર થયા.}
૨૯—મારેશફંદ	શુકર	૧૭	૧૩	શીવરાતરીનો અપવાશ હીનદુઓ કરસે. ગારાપુરીની તથા અનેરી
૩૦—અનેરાં...	શની	૧૮	૧૪	૧૭૯૭ માં તરીનીદાદ કબજ કીધું. [કનેરીની જાતરા.

માહા ૬ ઠો શેહરેવર શેહેનશાહી સને ૧૨૪૦ યજદજરદી.

પારશીઓના તીસે રોજ—તેનાં નાંમ સાથે.	વાર.	ઈંગ્રેજી તારીખ	હીંદુ તીથ	કદમી પારશીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહા ૭ મો મેહેર કદમી સને ૧૨૪૦ યજદેજરદી. ઈંગ્રેજી તા૦ ૧૯ મી ફેબરવારી ૧૮૭૧ થી તા૦ ૨૦ મી મારચ સને ૧૮૭૧ સુધી. હીંદુ સંવત ૧૯૨૭ નાં માહા વદ ૩૦ થીતે ફાગણ વદ ૧૪ સુધી.
૧—અહુરમજદ	રવી	૧૯	૩૦	માહા ૭ મો કદમી સને ૧૨૪૦ યજદેજરદી. ૧૮૧૫ માં કેનેદી લીધુ
૨—બેહમન ...	સોમ	૨૦	૧	ચાંદરાત. ફાગણ મહીનો બેઠો. શીંવ હેદરાબાદ તાબે થયું ૧૮૮૩
૩—અરદીબેહશત	ભોમ	૨૧	૨	હમકારો. ૧૭૯૭ માં તરીનાદાદ શેહેર વીશે કોલકરાર થયા.
૪—શેહરેવર...	બુધ	૨૨	૩	શેહેનશાહીઓનું શહરેવર અમશાશફંદનુ જશન. શુરત મધે
૫—સફંદારમદ	ગુરૂ	૨૩	૪	[રસતમપરાનું દોખમું ઇજાયાને ૪૪ મુ વરશ બેઠું.
૬—ખુરદાદ ...	સુકર	૨૪	૫	
૭—અવરદાદ	શની	૨૫	૬	એલબા આતેથી બોનાપારટ નીકલી ગયો ૧૮૧૫ માં.
૮—દેપાદર...	રવી	૨૬	૭	૧૮૫૭ માં બેરાંમપોરમાં હીનદુશથાંનના બલવાની શરૂઆત થઈ.
૯—આદર ...	શોમ	૨૭	૮	૧૮૦૩ માં મુમબઈમાં મોટી આગ લાગીતી. હમકારો.
૧૦—આબાં ...	ભોમ	૨૮	૯	૧૮૧૬ માં નેમાલીસોને હાર ખવારી.
૧૧—ખુરશીદ...	બુધ	૧	૧૦	ઇંગરેજી મારચ માશ બેઠો. મુશલમાંનોનો હજ કરવાનો દાહાડો.
૧૨—મોહર ...	ગુરૂ	૨	૧૦	મુશલમાંનોની બકરી ઈદ દીન ૪ સુધી. ૧૮૧૫ માં શીલાંન લીધું
૧૩—તીર	સુકર	૩	૧૧	હોલીનો રંગ લેવાનો દાહાડો. ૧૮૪૨ માં શર જમશેદજી જીજી
૧૪—ગોસ	શની	૪	૧૨	[ભાઈને "નાઇટ" નો બેતાબ મલેઓ.
૧૫—દેપમેહર...	રવી	૫	૧૩	મુ૦ શેખ મખદુમનો ઓરશ. ૧૮૨૪ માં બરમાની લડાઈ શરૂ થઈ
૧૬—મેહર......	શોમ	૬	૧૪	હીંદુઓનો હોલી રમવાનો દીવશ. કદમીઓનું મેહેર ઈજદનુ જશન. મેરવાંનજી ફરાંમજી પાંડેએ કરેલવાડી આગલ બાંધેલી પારશીઓની ધરમશરાને ૬ ઠું બરશ બેઠું.
૧૭—સરોશ ...	ભોમ	૭	૧૫	મોટે કોલાબેનાં જી૦ દા૦ વાલાં આદરાંનને ૩૬ મું, તથા દા૦ કા૦ શાએરના છોકરાવોએ બંધાવેલાં માલક્ષમી મધેનાં આદરાંનને વરશ ૨૬ મુ, તથા શોરાબજી ફ૦ અને નવરોજી ફરાંમજી મીરાતરીના ભાકાં ગાંમ મધેનાં આદરાંનને ૧૦ મુ વરશ બેઠું.
૧૮—રશન......	બુધ	૮	૧	હીંદુ ધુલ પડવો. અમદાવાદનાં અંજુમનનાં દખમાંને ૬ ઠુ બેઠુ
૧૯—ફરવરદીન	ગુરૂ	૯	૩	૧૭૩૯ માં નાદરશાહ દીલીમાં દાખલ થાયો.
૨૦—બેહરાંમ ...	સુકર	૧૦	૪	હમકારો. નશરવાંનજી હીરજી કરાંનીએ પોતાની છોકરીઓની નઈ
				[અતે ભીંડીબજારમાં બાંધેલાં આદરાંનને ૨૪મુ વરશ. શર જા૦
૨૧—રાંમ	શની	૧૧	૫	દખણમાં હીંદુઓની રંગપાંચમ જી૦ (પેહેલા બારોનેટે) ફરાંમજી ન
૨૨—ગુવાદ ...	રવી	૧૨	૬	વશંત રૂતુ બેઠી. શરવાંનજીની નઈઅતે નવશારીમાં
૨૩—દેપદીન ...	શોમ	૧૩	૭	પરેઠેલાં આદરાંનને ૧૯ મુ વરશ.
૨૪—દીન... ...	ભોમ	૧૪	૮	
૨૫—અશેશવંગ	બુધ	૧૫	૯	હેર મહીનાના "અઈઆથરેમ" ઘંબાર.
૨૬—આસ્તાદ	ગુરૂ	૧૬	૧૦	શેનશાહીઓનાં શરેવર મહીનાંના "પેતેશહમ" તથા કદમીઓનાં મે
૨૭—આસમાંન	સુકર	૧૭	૧૧	તારાપોરમાં અનજુમને બંધાવેલાં દખમાંને વરશ ૬ ઠું બેઠું.
૨૮—જમીઆદ	શની	૧૮	૧૨	[૧૮૫૮ માં લખનોર હાથ કીધું.
૨૯—મારાસફંદ	રવી	૧૯	૧૩	રાંદેર ગાંમમાં અનજુમને બંધાવેલાં દખમાંને ૧૯ મુ વરશ બેઠું.
૩૦—અનેરાં...	શોમ	૨૦	૧૪	૧૭૨૭ માં સર અઈશાક નીઉટન મરી ગયો.

માહા ૭ મો મેહેર શેહેનશાહી સને ૧૨૪૦ યજદજરદી.

પારશીઓનાં તીસે રોજ—તેનાં નાંમ સાથે.	વાર	ઈંગરેજી તારીખ	હીંદુ તીથી	કદમી પારશીઓનો રોજ ૧ થી ૩૦ શુધી, માહા ૮ મો આવાં સને ૧૨૪૦ યજદજરદી. ઈંગરેજી તા૦ ૨૧ મી મારચથી ૧૯ મી એપરેલ ૧૮૭૧ શુધી. હીંદુઓનાં સંવત ૧૯૨૭ નાં ફાગણ વદ ૩૦ થી, સંવત ૧૯૨૭ નાં ચઈતર વદ ૩૦ શુધી.
૧—અહુરમજદ	ભોમ	૨૧	૩૦	માહા ૮ મો આવાં કદમી ૧૨૪૦ યજદેજરદી. જમશેદી નોરોજ.
૨—બેહમન...	બુધ	૨૨	૧	ચઈતર માશ બેઠો. ચાંદરાત. જોશીઓનુ નવું વરશ. નોરતાં બેઠ
૩—અરદીબેશત	ગુરૂ	૨૩	૨	નવસારી મધેનાં હોરમજી મનચેરજી કેરાંવાલાનાં દખમાને વરશ {
				[૫૧ મુ બેઠુ. મોહોરમ, તાબુત કરવાના દીવશ સરૂ થયા. {
૪—શેહરેવર...	સુકર	૨૪	૩	ગવરીતીજ. ૧૮૬૦ માં બારલીનાં ખાંનબાહાદુર ખાંનને ફાંશી દીધો.
૫—સફંદારમદ	શની	૨૫	૪	૧૮૬૦ માં ઈશપેન અને મોરોકોનાં રાજમાં સુલેહ થાઈ.
૬—ખુરદાદ...	રવી	૨૬	૫	૧૮૫૭ માં મહમેરા લીધું.
૭—અમરદાદ	શોમ	૨૭	૬	૧૭૯૯ માં જનરલ હારીશે ટીપુ સાહેબને શીકશત આપી.
૮—દેપાદર ...	ભોમ	૨૮	૭	૧૬૩૨ માં કેનેડા ફરાંનશને આપેઉ. રશીઆ શાથે લડાઈ થઈ૧૮૫૪.
૯—આદર ...	બુધ	૨૯	૮	હમકારો. માલક્ષ્મીનાં હોમની જાતરા. થાંણાંમધેનાં રૂશતમજી કાવ}
				[શજી પેટલનાં આદરાંનને ૪૩ મુ વરશ બેઠુ.}
૧૦—આબાં ...	ગુરૂ	૩૦	૯	રાંમનવમીનો તેહેવાર. કદમી પારશીનુ આવાંઅરદુઈ સુરનુ જશન.
૧૧—ખુરશીદ...	શુકર	૩૧	૧૦	ચઈતરી નોરતાં ઉતરયાં. મુશલમાંનોની કતલની રાત.
૧૨—મોહર ...	શની	૧	૧૧	એપ્રીલ માશ. એપરેલ ફુલનો દીવશ. તાબુત ઠંડાં કરવાનો દીવસ.
૧૩—તીર	રવી	૨	૧૨	૧૮૫૮ માં જાનશી હાથ કીધું. ૧૮૫૯ માં માંનશીંગ શરણ થયો.
૧૪—ગોસ......	શોમ	૩	૧૩	૧૮૫૭ માં બલવો શરૂ થયો. [આદરાંનને ૨૪ મું વરશ બેઠુ.}
૧૫—દેપમેહર...	ભોમ	૪	૧૪	મુંબઈમાં ગોલવાડમાં ખરશેદજી મનચેરજી લંગડાએ બંધાવેલાં}
૧૬—મેહર. ...	બુધ	૫	૧૫	માહાલક્ષ્મીની જાતરા. શેનશાહીઓનુ મેહેર ઈજદનુ જશન.
૧૭—સરોશ ...	ગુરૂ	૬	૧	હમકારો. ૧૭૫૯માં મછલીપટમ લીધું. ૧૮૪૨માં જલાલાદમાં લડાઇ.
૧૮—રશન. ...	શુકર	૭	૨	ઈશવી શનેની ૮૬૯ વરશ અગાઉ દુનિયામાં પેહેલવેલો શીકો ચાલુ}
				[થયો. ઈંગરેજોનો ગુડ ફરાઈડે—ઈશટરનાં તેહેવારનાં દીવસો.}
૧૯—ફરવરદીન	શની	૮	૩	થાંણાં મુધેનાં રૂસતમજી કાવશજી પેટલ વાલાં દોખમાંને ૨૯ મુ વર}
				[સ બેઠુ. ૧૮૫૪ માં ગંગા નદીની નેહેર ઉઘડી.}
૨૦—બેહરાંમ...	રવી	૯	૪	હમકારો. ગનદેવીમાં અનજુમને બંધાવેલાં નવાં દોખમાંને એક પુરૂ)
૨૧—રાંમ......	શોમ	૧૦	૫	૧૮૧૪ માં તલાઉશી લીધુ. [થાઈને બીજુ વરશ બેઠુ.)
૨૨—ગુવાદ ...	ભોમ	૧૧	૬	શર જમશેદજી જીજીભાઈ પેહેલા બારોનેટ હક થયા યજદેજરદી શ}
૨૩—દેપદીન...	બુધ	૧૨	૮	[ને ૧૨૨૮ માં.૧૮૫૯ માં પંજાબમાં પાંણીની નેહેર ઉઘડી.}
૨૪—દીન......	ગુરૂ	૧૩	૯	ધોબીતલાવપરનાં અરદેશર ખરશેદજી વાહાડીઆજીની ધણીઆં)
૨૫—અશેસવંગ	શુકર	૧૪	૧૦	[ણી આવાંબાઈએ બંધાવેલાં આદરાંનને ૯ મુ વરશ બેઠુ.)
૨૬—આસ્તાદ	શની	૧૫	૧૧	શેનશાહીઓનાં મેહેર મહીનાના "અફ્આથરેમ" નામના ઘં}
				[મબાર. ૧૭૯૭ માં નોર ખાતે બલવો થયો.}
૨૭—આસ્માંન	રવી	૧૬	૧૨	૧૮૫૩ માં મુંબઈમાં ગ૦ ઈ૦ પે૦ રેલવે મુંબઈથી થાંણાસુધી ચાલી.
૨૮—જમીઆદ	શોમ	૧૭	૧૩	૧૭૯૦ માં બેનજામીન ફરાંનકલીન મરી ગઓ. હીંદુની શીવરાતરી.
૨૯—મારાસફંદ	ભોમ	૧૮	૧૪	તવરી ગાંમમાં અનજુમને બાંધેલાં દખમાંને ૭ મું વરસ બેઠુ.
૩૦—અનેરાં ...	બુધ	૧૯	૩૦	પુણામાંનાં દશતુર ટેમુલજી મનચેરજીનાં બેહેદીનોએ બંધાવેલાં દખ}
				[માંને ૩૩ વરશ બેઠું}

માહા ૮ મો આવાં શેહેનશાહી સને ૧૨૪૦ યજદજરદી.

પારશીઓના તીસે રોજ—તેનાં નાંમ સાથે.	વાર.	ઇંગરેજી તારીખ	હીંદુ તીથ	કદમી પારશીઓનો રોજ ૧ થી ૩૦ સુધી—માહા ૯ મો આદર શને ૧૨૪૦ યજદજરદી. ઇંગરેજી તારીખ ૨૦ મી એપરેલથી તા૰ ૧૯ મી મેએ ૧૮૭૧ સુધી હીંદુઓના સંવત ૧૯૨૭ ના વઈશાખ સુદ ૧ થી વઈશાખ વદ ૩૦ સુધી.
૧—અહુરમજદ	ગુરૂ	૨૦	૧	માહા ૯ મો આદર કદમી. વઈશાખ માશ. સુમારી ગાંમમાંનાં
				[કુવરજી માંણેકજી મુકાદમ વાલાં આદરાંનને ૫૧ મુ વરશ બેઠુ
૨—બેહમન....	સુકર	૨૧	૨	ચાંદરાત. ઇશિવી શને કરાઈશટની આગમચ ૩૨૩ માં શીકંદર મ
૩—અરદીબેશત	શની.	૨૨	૩	હમકારો. ૧૭૯૯ માં દમેરારા લીધુ. [રણ પાંમો.
૪—શેહરેવર....	રવી	૨૩	૪	૧૫૬૪ માં સેકશપીઅર જનમેઓ. ૧૭૭૪ માં લાલગાંગની લડાઈ
૫—સફંદારમદ.	શોમ	૨૪	૪	મુંબઈમાંનાં સેઠ ફ૰ કા૰ વાલાં કદમી દખમાને ૩૯ મુ વરશ. ૧૬૧૬
				[માં સેકશપીઅર મરી ગયો. ૧૮૩૭ માં સુરતમાં મોટી આગ.
૬—ખુરદાદ....	ભોમ	૨૫	૫	૧૮૫૯ માં સુએજની નેહેર બાંધવાનું કાંમ શરૂ થયું.
૭—અમરદાદ ..	બુધ	૨૬	૬	જમસેદજી પેશતનજી પલાંનટીનાં આદરાંનને ૨૪ મુ, તથા
૮—દેપાદર. ...	ગુરૂ	૨૭	૭	અમરોલીનાં કા૰ માં૰ આશબરનનાં કદમી આદરાંનને ૩૯ મુ
				બેઠુ. ઇંગલંડમાં પેહેલ વેહેલો તમાખુ વપડાયો, ૧૫૮૫ માં.
૯—આદર.. ...	સુકર	૨૮	૮	કદમીઓનુ આદર ઇજદનું જશન. અમદનગરમાંનાં જમસેદજી
૧૦—આબાં ...	શની	૨૯	૯	સેનશાહીઓનુ આવાં અરદુઇશુરનુ જશન.
૧૧—ખુરશીદ...	રવી	૩૦	૧૦	૧૮૫૯ મા એડન ખાતે ગગડાટ અને કરાંનું તોફાંન થયું.
૧૨—મોહર ...	શોમ	૧	૧૧	મુંબઈમાંનાં કા૰એ૰ બીશનીવાલાં સેનશાહી દખમાંને ૨૮ મુ વરસ
				બેઠુ. મે માશ ઇંગરેજી. ૧૮૬૭ માં પેરીશ એકજીબીશન ઉઘ
				ડયું. ૧૮૮૫ માં મુંબઈની શર જમસેદજી હશપીટાલ ચાલુ થઈ
૧૩—તીર.	ભોમ	૨	૧૨	[ઈઅતે પરથેલાં આદરાંનને પાંચમુ વરશ
૧૪—ગોસ......	બુધ	૩	૧૩	મુમબઈનાં મજગાંમ માંહેલાં નાનાભાઈ જમસેદજી શપલાની ન
૧૫—દેપમેહર ...	ગુરૂ	૪	૧૪	મુશલમાંનોનો સેખમશરીનો ઓરશ. શરીગાંમપતમ લીધુ, ૧૭૯૯માં
૧૬—મેહર......	સુકર	૫	૧	૧૮૨૧ માં સેંટ હેલીના ખાતે નેપોલીઅન મરી ગયો.
૧૭—સરોશ. ...	શની	૬	૨	શરોશ રોજનો હમકારો.
૧૮—રશન......	રવી	૭	૩	૧૮૫૮ માં કુનચની લડાઈ. ૧૭૮૫ માં વેલાતમાં સેવીંગ બેંક નીકલી
૧૯—ફ્રવરદીન...	શોમ	૮	૪	કદમી પારશીઓનુ 'અસોફરોહર' યાને ફરવરદીઆંનનુ જશન. ૬
૨૦—બેહરાંમ ...	ભોમ	૯	૫	હમકારો. [ખમા નજીક જાઈ બંદગી કરવાનો દીવશ.
૨૧—રાંમ	બુધ	૧૦	૬	ઇશવી ૧૮૫૭ માં મીરત ખાતે ગાંમઠી ઘોડેશવાર રીજમાંટે બ
				[લવો ઉઠાડેઓ. ૧૭૯૬ માં લોદીની લડાઈ.
૨૨—ગુવાદ	ગુરૂ	૧૧	૭	૧૮૫૭ માં દીલ્લીમાં બલવાની કતલ ચાલી. ૧૮૦૧ માં કેરો લીધુ.
૨૩—દેપદીન ...	સુકર	૧૨	૮	૧૮૧૮ માં આપા શાહેબ નાહાશી ગયો.
૨૪—દીન	શની	૧૩	૯	૧૮૦૦ માં સુરત ઇંગરેજને હશતક થયું.
૨૫—અશીસવંગ	રવી	૧૪	૧૦	૧૭૯૧ માં શરંગાપટમની પેહેલી લડાઈ. ૧૬૮૬ માં ફારનહીથ
૨૬—આસ્તાદ...	શોમ	૧૫	૧૧	[જનમેઓ.
૨૭—આસ્માંન ..	ભોમ	૧૬	૧૨	૧૭૮૦ માં જમેકાનાં કીંગશટન ખાતે મોટી આગ લાગી હતી.
૨૮—જમીઆદ..	બુધ	૧૭	૧૩	૧૮૫૪ થી મુમબઈ અને કલકતા વચે તાર ચાલુ થયો.
૨૯—મારાસફંદ.	ગુરૂ	૧૮	૧૪	૧૮૦૪ માં બોનાપારટને ફરેંચનો સેહેનશાહા ઠેરવેઓ હતો.
૩૦—અનેરાં ...	સુકર	૧૯	૩૦	૧૫૦૬ માં કોલમબશ મરણ પાંમો.

માહ ૯ મો આદર શોહેનશાહી શને ૧૨૪૦ યજદજરદી.

પારશીઓનાં તીશે રોજ—તેનાં નાંમ શાથે.	વાર	ઇંગરેજી તારીખ	હીંદુ તીથ	કદમી પારશીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહા ૧૦ મા દેએ કદમી, સને ૧૨૪૦ યજદજરદી. ઇંગરેજી તા૦ ૨૦ મી મેએથી તા૦ ૧૮ મી જુન ૧૮૭૧ સુધી. હીનદુઓના સંવત ૧૯૨૭ ના જેઠ સુદ ૧ થી જેઠ વદ ૩૦ સુધી.
૧—અહુરમજદ	શનો	૨૦	૧	માહા ૧૦ મો દેએ કદમી. હીંદુ જેઠ માશ શરૂ થયો. ચાંદરાત. [કદમીઓનુ દેએ મહીનાંનુ પેહેલુ જશન.
૨—બેહમન...	રવી	૨૧	૨	૧૮૪૪ માં પુણામાં મુળા નદી આગલ શર જમશેદજીએ બંડ બાંધેઓ
૩—અરદીબેશત	શોમ	૨૨	૩	મોઠ મહોલાનાં શેઠ ન૦ કા૦ નાલાએર વાલાનાં આદરાંનને ૫૦મુ વરસ.
૪—શેહરેવર...	મોમ	૨૩	૪	૧૮૨૩ મો મુંબઈનાં ગરીન ચોકમાં રૂનાં જથામાં મોટી આગલાગી.
૫—સફંદારમદ	બુધ	૨૪	૫	૧૭૮૩ માં હાલંડ શાથનાં કોલ:રારો થયા. નાંમદાર રાંણી વીક્ટો
૬—ખુરદાદ...	ગુરૂ	૨૫	૬	શાહાજાદી હેલેના જનમેઓ ૧૮૪૬ [રીઆ જનમી ૧૮૧૯માં.
૭—અમરદાદ	શુકર	૨૬	૭	શોરાબજી ખરશેદજી શુથીના વાલકેશવરમાંનાં આદરાંનને ૧૧મુ વરશ
